## હસે તેનું ઘર વસે – ૦૬-૧૪-૨૦૧૨

## સાચી વાત

હું નહિં હોઉં ત્યારે તમે મને યાદ કરશો. પ્રત્યેક પત્ની પોતાના પતિને આ વાક્ય જીવનમાં અનેકવાર કહેતી હોય છે. એની આ વાત સાચી છે, કારણ કે એની એ વાત સાચી પડે એના માટે એણે વર્ષો સુધી ખૂબ પ્રયત્નો કર્યા હોય છે.

તમે પરણીને આવો તો કે તરત જ તમારા બાથરૂમમાં તમારા ટુથબ્રસ અને ટુથપેસ્ટ બેસીન ઉપર વ્યવસ્થિત મૂકેલા દેખાસે, એટલું જ નહિં, ટોવેલ રોડમાં સ્વચ્છ નેપકીન પણ જોવા મળસે. તમે બાથરૂમમાંથી બહાર આવો તો ડાઈનીંગ ટેબલ ઉપર તમારી ચાનો કપ, ગરમ નાસ્તો, છરી-કાંટા-ચમચા બધું જ વ્યવસ્થિત ગોઠવેલું નજરે પડસે, અને હા તાજું ન્યુઝ પેપર પણ ત્યાં જ મૂકાયલું હશે.

બાથરૂમમાં સાબુ-શેમ્પુ, ટોવેલ બધું જ તેની યોગ્ય જગ્યાએ ગોઠવેલું મળસે. બહાર આવો ત્યારે તમારા ઈસ્ત્રીબંધ કપડા, રૂમાલ, મોજા-તમારે કંઈપણ શોધવું નહિં પડે. તમારૂં લંચબોક્ષ તમારી બ્રીફકેસમાં પેક થઈ ગયું હશે. થોડા દિવસમાં જ કઈ વસ્તુ ક્યાં હોય છે એ પણ ભૂલી જસો, પત્નીને પૂછો કે તરત તમારા હાથમાં મળસે. વરસો પછી તમે ચા કેમ બનાવવી એ પણ ભૂલી ચૂક્યા હશો. બસ હવે એની વાત સાચી પડવાની બધા જ સંજોગોની તૈયારી થઈ ગઈ. - પી. કે. દાવડા

## પુરુષપ્રધાન સમાજ છે ખરો ?

**ચારે બાજુ સાંભળવા મળે છે કે આપણો સમાજ પુરુષપ્રધાન છે. ઘરમાં, કુટુંબમાં, સમાજમાં બધે પુરુષની હકુમત ચાલે છે.**

**પુરુષની સત્તા ઘરમાં ક્યાં ક્યાં ચાલે છે ? સવારમાં ઊઠો અન જરા નિરાંતે 'ચા' અથવા (અને તો નહીં જ) કૉફી પીતાં પીતાં છાપું વાંચતા હો ત્યારે કેટલી વાર, 'હવે મૂકો એ છાપામાં પૂળો, અને જલદીથી નાહી લો. પછી કપડાં ધોનારી કે ધોનારો આવી જશે.' એવું સાંભળી-સાંભળીને વચ્ચેથી જ છાપાનું રસપાન અટકાવીને ક્યો સત્તાધારી પુરુષ નહાવા માટે બાથરૂમ ભેગો થતો નથી ?**

http://suratiundhiyu.wordpress.com/

'ચા' કે 'કૉફી'માં કેટલી ચા કે કૉફી નાખવી, કેટલી વાર ઉકાળવી, કેટલી કડક બનાવવી, કેટલી ખાંડ નાખવી, કેટલું દૂધ નાખવું – પુરુષને આમાં કોઈ સત્તા છે? કેટલીક વાર તો 'ચા' પીવી કે 'કૉફી' એ નક્કી કરવાની સત્તા પણ એને નથી હોતી.

ઓફિસે કે કામકાજ ઉપર જતી વખતે ક્યાં કપડાં પહેરવાં એ પણ પુરુષ નક્કી કરી શકતો નથી. જમવામાં ક્યું શાક ખાવું, કઢી ખાવી કે દાળ, રોટલી ખાવી કે ભાખરી કશું નક્કી કરવાની સત્તા તો પુરુષને છે જ નહીં પણ શાક-દાળમાં કેટલું મીઠું નાખવું, કેટલું ગળપણ નાખવું, લીંબું નાખવું કે આંબલી નાખવી કશી સત્તા પુરુષને છે? આ બધી જીવનની તદ્દન પ્રાથમિક અને પાયાની બાબતોમાં જનમ ધરીને, જીવે ત્યાં સુધી પુરુષ બિચારો તદ્દન પરાધીન છે એ કોઈના ધ્યાનમાં આવતું નથી. અમુક ઉંમર પછી તો "બહાર" ક્યાંક જમવાનું હોય તોય પુરુષે શું ખાવું ને કેટલું ખાવું એમાંનું કશું નક્કી કરવાની સત્તા પુરુષને હોતી નથી, પછી રિસેસમાં કે કયાંક એકલો ગયો હોય ત્યારે પુરુષ છાનોછપનો, "કોઈ જોઈ તો નથી રહ્યું ને!" એવી દહેશત સાથે ક્યારેક પાણીપૂરી, ક્યારેક આઇસ્ક્રીમ, ક્યારેક વડાપાંઉ કે ભાજીપાંઉ ઝાપટી લે એમાં એનો વાંક કેમ કઢાય ?

ઘરમાં ફર્નિચર કઈ રીતનું વસાવવું ? કઈ બ્રાન્ડનું ફ્રીજ કે ટીવી લાવવું એ બધું નક્કી કરવાની સત્તા એક જમાનામાં પુરુષોની હતી. પણ આજે ? આજે તો બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં જ મૂકવું જોઈએ એવો નિર્ણય કરવાની સત્તા પણ પુરુષ પાસે નથી રહી. હા, એડ્મિશન માટેની દોડાદોડી એણે કરવાની, મોંઘીદાટ ફી એણે ભરવાની પણ બાળક કઈ શાળામાં, કયા માધ્યમમાં ભણશે એ નક્કી કરવાની સત્તા એની નહીં જ… અને કંઈક કહેવા જાય તો, 'તમે ગુજરાતી માધ્યમમાં ભણીને શું ઉકાળ્યું ? મારા દીકરાને તમારી જેમ પંતુજી નથી બનાવવો.' એવું સાંભળવા મળે એ નફામાં. સંગીતના કાર્યક્રમમાં જવું કે કવિ સંમેલનમાં, નાટક જોવા જવું કે સિનેમા એ પણ એના સત્તાક્ષેત્રની બહાર છે. વળી કઈ સિનેમા જોવા જવું એ પણ એ નક્કી ન કરી શકે. મજાની વાત તો એ છે કે ટીવીનો રિમોટ કંટ્રોલ જેમ એના હાથમાં નથી એમ આખા ઘર-કુટુંબનો રિમોટ કંટ્રોલ પુરુષના હાથમાં નથી. એને ક્રિકેટ મેચ જોવી હોય પણ બપોરે ત્રણ-ત્રણ કલાક પેલો 'રસોઈ-શો' જ ચાલ્યા કરે એનું શું ? જોકે રસોઈ-શોમાં બતાડાતી કોઈ વાનગી ક્યારેય ચાખવા જ ન મળે એ જુદી વાત છે.

હા, મજૂરી કરીને, ચિંતાઓ અને ટેન્શન વેઠીને દોડધામ કરીને, સ્વમાન અને ક્યારેક તો સ્વત્વ ખોઈને કમાવાની સત્તા એની, પણ આ સત્તાના બદલામાં એને મળે છે શું ? બ્લડ-સુગર, બ્લડ-પ્રેશર, હાર્ટ-ઍટેક વગેરે વગેરે.

પુરુષોની આ કરુણ દાસ્તાન વાંચીને તમને હસવું આવતું હશે નહીં ? અને આમ છતાં સાંપ્રત, આધુનિક સમાજ - પુરુષપ્રધાન ?!?! (સૌજન્ય: ગ્લોબલ ગુજરાત ન્યૂઝ – ggn)

http://suratiundhiyu.wordpress.com/

## પત્ની????

1. એ કારણ વગર 'ક્યુટ' બનવાની કોશિશ કરતી હોય ત્યારે સાવચેત રહેવું..!

2. તમારી પત્ની બન્ને હાથ કેડ પર મૂકીને અનિમેષ નયને તમારી સામે જોઈ રહી હોય......ત્યારે બધું જ સાચેસાચું કહી દેજો! એ સમય રોમાન્ટિક થવાનો નથી!

3. એ જો આંખો નચાવતા નચાવતા 'તુઝે ઝમીંપે બુલાયા ગયાહૈ મેરે લીયે...' ગાતી હોય તો એણે સોંપેલું કામ બમણા ઉત્સાહ અને સ્ફૂર્તિથી કરવા માંડજો!

4. 'ઘરકામમાં મદદ'નો અર્થ સ્કૂલ અને લગ્ન જીવનમાં જુદો જ થાય છે એ બને તેટલું ઝડપથી સમજીલો એટલું સારું! સ્કૂલમાં મદદ મળતી હતી, લગ્નજીવનમાં કરવાની હોય છે!

5. 'ચુપચાપ બેસો' આ વાક્ય તમને કે. જી. - નર્સરી બાદ છેક લગ્ન પછી સાંભળવા મળશે! આવું જ્યારે કહેવામાં આવે ત્યારે કોઈપણ દલીલ કર્યા વગર એ પ્રમાણે કરો!

6. એ તમારી પૂછપરછ કરે અથવા તમારી પાસબુક કે ડાયરી તપાસે તો બોચિયા સ્ટુડન્ટની જેમ 'લેસન' બતાવી દેજો!

7. 'જ્યાં ન પહોચે કવિ ત્યાં પહોચે પત્ની' - આ નવી કહેવત યાદ રાખો! કોઈની પણ કલ્પના બહારનું તમારું બહાનું એ આસાની થી પકડી પાડશે,માટે સાચું જ બોલવાનો નિયમ રાખો!

8. 'એમને શક કરવાનો હક છે, એ મારા દિલની ધકધક છે' આ સુત્ર ગોખી નાખો. એના દરેક પ્રશ્નના વિગતવાર જવાબ આપો. એમાં પણ કાપલીબાજ વિદ્યાર્થીની જેમ પ્રશ્નના જવાબની શરૂઆતના બે વાક્યો સવાલ સંબંધિત રાખીને પછી ફિલ્મી ગીતના શબ્દો ઠપકારશો તો પણ ચાલશે.

9 આ બધું કરવા છતાં પણ અમારે ઘરમાં ઝઘડા થાયછે અને પત્ની વાસણો પછાડે છે તો અમારે શું કરવું? એનો પણઉપાય પણ અમે શોધ્યો છે અને જાતે અજમાવી પણ જોયો છે! ઉપાય સાદો છે. પત્ની જ્યારે ગુસ્સામાં વાસણો પછાડતી હોય ત્યારે તમે તમને આવડતા હોય એ શ્લોકો મોટા અવાજે બોલવાનું ચાલુ કરી દે જો! આથી પડોશીઓને લાગશે કે ઘરમાં આરતી થાય છે! ઘરમાં કયા દેવની પૂજા થાય છે એ કોઈને કહેતા નહી.

10. પત્ની સાથે શોપિંગ કરવા જાવ ત્યારે તમારું સંપૂર્ણ ધ્યાન શોપિંગમાં હોવું જોઈએ, સેલ્સગર્લ તરફ નહિ!

11. 'ઘેર ઝઘડો ન થાય એવા અઢીસો ભીંડા અને પાચસો ગ્રામફ્લાવર આપ' - આવી રીતે ઓર્ડર આપવાથી શાક સસ્તું અને સારું મળશે, ઉપરાંત વીણવાની માથાકૂટમાંથી બચી જશો! શાકવાળો પરણેલો હશે તો થોડું શાક વધારે આપશે એ નફામાં!

http://suratiundhiyu.wordpress.com/

12. એના ડાયેટીંગ પ્લાનની કદી મજાક ઉડાવશો નહિ. પછી ભલેએ પાંચમાંથી એક રોટલી ઘી વગરની ખાવી એને જ ડાયેટીંગ ગણતી હોય.
13. પત્ની કામમાં અતિશય વ્યસ્ત હોય અને તમે તદ્દન નવરા હોવ તો પણ નવરા દેખાતા નહિ. આમાં વધુ ચોખવટની અમને જરૂર લગતી નથી!
14. એ જ્યારે તમે રખડતા મુકેલા મોબાઇલના ચાર્જર- કેબલ, છાપા, રીમોટ, કપડા ગંદા મોજા, હેંડ-કી, ટુવાલ વગેરેને ઠેકાણે મુકતી હોય ત્યારે એને તમારી કોઈ ખોવાયેલી વસ્તુ શોધી આપવાનું કહેશો નહિ!
15. થાળી પીરસવા માટે સીરીયલની વચ્ચે આવતા બ્રેકમાં જ વિનંતી કરો! દરમ્યાનમાં ટાઈમ પાસ કરવા સીરીયલોમાં રસ લેવાનું રાખો તો કંઈ ખોટું નથી. એકતા કપૂર એમાં ને એમાં જ બે પાંદડે થઇ છે!
16. ટી.વી. પર આવતા રસોઈ શોમાં જોયેલી કોઈપણ વાનગી બનાવવાની એને ફરજ પાડશો નહિ. અને ધારો કે એ કોઈ નવા જ પ્રકારની થાઈ, મેક્સિકન કે કોન્ટીનેન્ટલ વાનગી બનાવે તો એના શું વખાણ કરવાએ અગાઉથી વિચારી રાખો, કારણ કે વાનગી ખાધા પછી કંઈ સુઝશે નહિ!
17. પડોશીને ત્યાંથી આવેલી વાનગીને ભૂલે ચુકે વખાણશો નહિ!
18. કચરો વાળ્યા પછી સાવરણી કદી ઉભી મુકશો નહિ, એમ કરવાથી ઝઘડો થાય છે એવું કહેવાય છે. છેવટે 'સાવરણી ઉભી કેમ મૂકી' એ બાબતે પણ ઝઘડો થઇ શકે છે.
19. લગ્નજીવનમાં ત્યાગનું મહત્વ છે અને જે ગૃહત્યાગ કરી શકે એ સૌથી સુખી હોય છે. વિખવાદ ટાણે આ સુત્રનો ઉપયોગ કરીને સુખી થાવ. યુદ્ધમાં આને વ્યૂહાત્મક પીછેહઠ કહે છે!
20. વાદ-વિવાદના કિસ્સામાં જીતીને દુઃખી થવાને બદલે હારીને સુખી રહો એવું અનુભવીઓ કહે છે!
21. ઝઘડામાં અવાજની માત્રા મહત્વની છે, શબ્દો નહિ; તમારો અવાજ હંમેશા ધીમો રાખો.
22. ઝઘડાનું એક કારણ તમારી જાતને નિર્દોષ સાબિત કરવાની તમારી વૃત્તિ હોય છે, જ્યારે સ્ત્રીઓ કુદરતી રીતેજનિર્દોષ હોય છે! અને આ વાત તમારા ભેજામાં ન ઉતરતી હોયતો તમે સુખી થઇ રહ્યા બોસ!
23. એમની અદાઓને વખાણતા રહેવી! આ વિષયે માથું ખંજવાળવાની ક્રિયાને પણ અદા જ ગણવી!
24. એમને ઈશ્કના સમંદરમાં ડૂબાડી રાખો! સહેજવાર પણ એમની મુંડી બહાર નીકળશે તો આખું અઠવાડિયું ઢેબરાં થાય એટલી મેથી મારશે!

http://suratiundhiyu.wordpress.com/

# સુખી થવાના ઉપાયો

-ઓફિસનુ કામ ઘરે ન લાવો., શકય હોય તો ઘરનુ કામ ઓફિસ લઇ જાવ

-એ રડે તો રૂમાલ નહીં, એને જે જોઇતુ હોય તે લાવી આપો.

-રક્ષાબંધને સાસરે જ જમવાનુ ભાઇ! બેસતું વર્ષ અને ભાઈબીજ પણ સાસરે જ ઉજવવા. અને રવિવારે સાસરે ના જવું હોય તો ખર્ચો કરીને બીજે ગમે ત્યાં ફરવા જવાનું.

-દાળમાંથી કોથમીર અને બીજો કચરો કાઢતા કાઢતા કોઇના બાવડા સુજી ગયા હોય તેવા વૈજ્ઞાનિક પુરાવા નથી, માટે ખોટી ફરિયાદ કરવાનું બંધ કરો.

-"સાસરૂ સોનાની ખાણ"ની ડીવીડી વસાવી લો.

-ફોનનું બિલ એના લીધે વધારે આવે છે એવુ કદી ન કહો.

-મુસાફરીમાં બધો સામાન તમેજ ઉપાડો! પોત-પોતાનો સામાન પોતે ઉપાડે એટલી બધી સ્ત્રી સમાનતા હજુ આપણા દેશમાં આવી નથી!

-ચાલવાથી કોઇ પણ અનને લગભગ બધી ભારતીય સ્ત્રીઓ થાકી શકે છે. એનો કકળાટ હીલ-સ્ટેશન પર ના કરાય!

-ઘરનાં ખાવામાં બદલાવ જોવા ઇચ્છતા હોવ તો અઠવાડિયે એક દિવસ ગોગલ્સ પહેરીને જમવા બેસો બોસ!

-દાળ અને શાકનો કલર જોઇ એના ટેસ્ટ વિષે ચુકાદો ન આપી દો, આજે જે બન્યુ છે તે ન બન્યુ નથી થવાનું!

-તૈયાર થવામાં વાર લાગે તો કકળાટ ન કરવો. તમે મોડા પહોંચશો તો લગ્ન અટકી પડવાના નથી. અરે, આજકાલ તો રીસેપ્શનમાં વર-કન્યાજ મોડા પહોંચે છે.

-છાપું વાંચતા વાંચતા કૂકરની સીટી ગણવાનું શીખી જાવ.

-ગેસ બંધ કરતા પણ શીખી જાવ. રસોડા સુધી ચાલવાથી તમારી ફાંદ ઉતરે તેવુ તે માનતી હોય તો માનવા દો.

-ડસ્ટબીન નજીક જઇ કચરો નાખવા માટે છે, દુરથી નિશાનબાજીની પ્રેક્ટીસ કરવા માટે નથી. સમજ્યા? તમારા ખોટા નિશાનના લીધે કચરાપેટીની અંદર કરતા બહાર વધારે કચરો દેખાય તો ગમે તેને ગુસ્સો આવે.

-કોબીના શાકમાં ખાંડ ન નખાય એવો કોઇ કાયદો નથી. ખોટા કાયદા નહી બતાવવાના.

-શિયાળામાં દહીં ન જામે. તમને વધારે સારુ જમાવતા આવડતુ હોય તો તમે જમાવોને બૉસ! એકાદ દહાડો ખીચડીમાં દહીં ન મળે તો ઝાડાન થઇ જાય.

-"ટીવીનું રિમોટ ક્યાં પડ્યું છે?" આવા વાહિયાત સવાલો ન કરો.

http://suratiundhiyu.wordpress.com/

-ઉનાળામાં બે જ શાકભાજી મળે છે. બટાકા અને રીંગણ. અને આ બંને તમને નથી ભાવતા તે તમારી સમસ્યા છે.

-ઘરની પાણીપુરી એ બજારની પાણીપુરી જેવી ના પણ બને, એ માટે ભૈયાના પરસેવાવાળા હાથ ઘરે લાવવા પડે!

-એ હસી હસીને ફોન પર વાત કરે છે? તો ફોન પીયરિયાનો હશે,બીજી કોઈ શંકા અસ્થાને છે.

-સ્ત્રીઓને ઇલેકટ્રોનિક ગેજેટસ વાપરતા નથી આવડતું, એ વાત અમેરિકન રીસર્ચથી સાબિત થયેલ છે, માટે એ વિષે તમારે અલગ વ્યાખ્યાન આપવાની જરૂર નથી.

-એને કાર ચલાવતા શીખવવાની કોશિશ ન કરશો. ડ્રાઇવિંગ સ્કુલવાળાઓને પૈસા આપો અને એ વસુલ થતા જુઓ.

-એને કાર ચલાવતા નથી આવડતુ તો શું થયુ? રસ્તામાં તમે કોઇની સાથે ભટકાઇ ના પડો તે માટે તમને સુચના આપે તો એમાં એણે શું ખોટું છે?

-ટુથપેસ્ટ પુરી થવા આવે ત્યારે પેસ્ટ કાઢી આપવી એ પતિનો ધર્મ છે. આવા ક્ષુલ્લક કામો એ આટલા વર્ષોમાં કેમ ન શીખી તેવા તુચ્છ વિચારો ન કરવા.

-એના પર્સમાંથી તમારે જે જોઇએ છે તે માંગો, એમ ખાંખાંખોળા કરી કામ ના વધારો.

-માંગ્યા વિના તો મા પણ ના પીરસે. આ તો પત્ની છે.

-ઓફિસેથી ઘેર પાછા આવતા અવશ્ય ફોન કરો, ડાર્લિંગ કાઈ લાવવાનું છે?

-પીરસતા વાર થાય તો રાહ જુવો,તકિયો ના માંગો.

-ઘરમાં વોશિંગ મશીન તમારા સ્ટેટસ માટે લીધું છે, કપડા તો રામો જ સારા ધુવે. માટે 'વોશિંગ મશીનનો ખર્ચો કેમ કરાવ્યો?' એવો બેવકૂફ જેવો સવાલ કરવો નહિ.

-રેલ્વે સ્ટેશને કે એરપોર્ટ પર એને વિદાય કરવા જતી વખતે ક્યારેય મોઢું હસતું ના રાખો. તમારા અરમાનોને દબાવી રાખતા શીખો.

-રાતે ઊંઘમાં બબડતા હોવ તો જે બોલો તે સ્પષ્ટ બોલો, ખાસ કરીને કોઈ સ્ત્રીનું નામ.

-મોબાઈલ પર્સમાં મુક્યો હોય તો રીંગ ના સંભળાય એ કોમન સેન્સની વાત છે. સ્ત્રીઓ એ સિવાય મોબાઈલ ફોન ક્યાં મુકે? છે કોઈ જવાબ?

http://suratiundhiyu.wordpress.com/

## અહી પત્નીને ખુશ રાખવાના થોડાક ઉપાય બતાવ્યા છે-

1. તમે તમારી પત્ની સાથે વાતચીત કરતા હોવ ત્યારે વચ્ચે ના બોલો
2. સવારે ઓફિસ જતા મોજા જાતે શોધી લો

3. ઓફિસથી ઘેર આવીને મોજા બાથરુમમાં જાતે ધોવા નાખો

4. સાસુ સસરા કે કોઇ પણ પિયરીઆ ઘેર આવે તો એક નકલી પૂછડી ચોટાડી જોર જોરથી હલાવો (પણ એમને ચાટવાની કોશિશ ન કરશો!)

5. એ બીજા શહેરની હોય તો એના શહેરની કોઇ પણ ખુબી શોધી એના વખાણ કરો (અરે, આ તો શાયરોનુ શહેર નહી? પેલા કવિ "બેવકુફ" અહીનાં જ નહીં?)

6. એની કોઇ પણ સહેલીના રુપના વખાણ ક્યારેય ન કરો

7. એની સહેલી ઘેર આવી હોય તો ડ્રોઇંગ રૂમમાં વારેઘડીયે આંટા ન મારો

8. એની મમ્મીની રસોઇના વખાણ કરો

9. "હું કેવી લાગુ છુ" નો પ્રમાણિકપણે જવાબ આપવો શકય ના હોય તો એમ કહો કે "આજે તો તું સાવ જૂદીજ લાગે છે!!"

10. એના મામાની સરકારમાં બહુ પહોંચ છે એવુ કહો, સાસુ પણ ખુશ રહેશે !

11. "તારા પપ્પા બહુ સોશિયલ છે!" એવુ મહિને ઓછામા ઓછુ એક વાર કહો

12. ટીવી જોતી વખતે : "અરે, જોતો – આ કેટરિનાએ તારા જેવી જ હેરસ્ટાઇલ કરી છે" એવુ કહો.

13. તમારી વાત ટુંકમાં કરો.

14. એના પિયરિયાનો ફોન હોય અને "આજે શાક કેવી રીતે દાઝી ગયુ?" એ વિષય પર લાંબી વાતચીત ચાલતી હોય તો તમે તમારા અગત્યના કામ પડતા મુકી ધીરજપુર્વક એ ફોન પુરો થાય ત્યાં સુધી રાહ જુઓ.

15. જમવા બેસતી વખતે પાણી જાતે ભરી લો

16. એની વાત ધ્યાન પુર્વક સાંભળો છો એવુ એટલીસ્ટ બતાવો તો ખરા જ.

17. એ કશુ કહેવા આવે તો છાપુ બાજુ પર મુકી વાત સાંભળો.

18. એ વાત કહેતી હોય ત્યારે ટી.વી. મ્યુટ કરી દો!

19. ઉતરન અને ક્રિકેટ મેચ સાથે ચાલતા હોય તો ઉતરન ચાલતી હોય તે ચેનલ મુકો. એ જો ભુલે ચુકે સામો વિવેક કરે તો એમ કહો કે "મેચતો રોજ આવે છે!"

20. એ એમ કહે કે "આજે બહુ ગરમી છે" તો પંખો ફાસ્ટ કરો યાર!

21. એ એમ કહે કે "આજે બહુ થાકી ગઇ છુ " તો તરત કહો કે "ચાલ, આજે બહાર જમવા જઇએ!"

22. એ એમ કહે કે "આજે રસોઇ કરવાનો મુડ નથી" તો તરત કહો કે "સાચુ કહુ, હું તો પીઝા મંગાવવાનુ જ વિચારતો હતો"

23. વાત વાતમાં એના સોગંદ ખાવ (તારા સમ, તુ સાચે આજે જુદી લાગે છે!)

http://suratiundhiyu.wordpress.com/

**24.** બેડરુમમાં બામની વાસ સહન ના થાય તો ફરિયાદ કર્યા વગર કોક દિવસ ડ્રોઇંગરુમમા સુઇ જાવ.

**25 .** કોઇ પણ ફરિયાદ કરવી હોય તો સીધી નહી પણ આડકતરી રીતે કરો જેમ કે: દાળ પાણી જેવી હોય તો " આજે દાળ કંઇક જુદી જ હતી!" અને, રોટલી કાચી બને તો "આ વખતે ઘંઉ સારા નથી આવ્યા" એમ કહો.

**26.** અઠવાડિયે એક વાર તો સમય અને સંજોગો જોઇ ને પૂછી લો કે "કેમ આજે ઢીલી લાગે છે?"

**27.** શાક સારુ ના બન્યુ હોય તો અંદર ટોમેટો સોસ નાખો, ફરિયાદ ન કરો.

**28.** એક હાથથી ભાખરી ન તૂટતી હોય તો બીજો હાથ વાપરો ! ભગવાને બે હાથ શેના માટે આપ્યા છે?

**30.** સફેદ કપડા ક્યારેય ન ખરીદો.અથવા તો પાન-મસાલા છોડી દો.

**31.** બેલ વાગે તો દરવાજો ખોલવા તમે જાવ, એમાં કાંઇ વારા થોડા પડાય બોસ!

**32.** ઓફિસનુ કામ ઘરે ન લાવો., શકય હોય તો ઘરનુ કામ ઓફિસ લઇ જાવ.

**33.** તહેવારો પર નવા કપડા ખરીદવા રૂપિયા ઢીલા કરો.

**34.** એના ડ્રેસ ખરીદવા સાથે જવાનુ એ પોતે કહે તો પણ ટાળજો, છેવટે બન્ને ખુશ રહેશો!

**35.** નવા ડ્રેસમાં એ જાડી લાગેતો એમ કહેજો કે " આ ડ્રેસ એક સાઇઝ નાનો આવી ગયો લાગે છે"

**36.** એનો ભાઇ બહુ ઇન્ટેલીજન્ટછે તેવુ જાહેર કરો

**37.** લાલ કપડામાં પોસ્ટ ઓફિસના ડબલા જેવી લાગે છે તેવી લોથલ જોક ન મારવી. લાલ કપડામાં સાગરમાં

ડિમ્પલ કાપડિયા આવીજ લાગતી હતી એમ કહો.

**38.** તમે ખરીદેલી વસ્તુની સાચીકિંમત એના મોંઢે બોલવા દો, અને પછી એની બોલેલી કિંમતની આજુબાજુનો કોઇ પણ આંકડો પાડી દો. તમેજો ડાહ્યા થઇ ને પહેલાજ સાચી કિંમત જાહેર કરશો તો "તમે છેતરાયા" એવુ પ્રમાણપત્ર આપશે અથવાએના માટે તમે"કાયમ હલકી વસ્તુલાવો છો" – એ વાત પર મામલો બીચકશે

**39.** ઓફિસેથી ઘેર પાછા આવતા પહેલા મોબાઇલના ઇન બોક્સમાંથી **SMS** ડીલીટ કરીને આવો....શક્ય હોય તો મોબાઇલનુ રીસન્ટકોલ લીસ્ટ પણ ડીલીટ કરીને ઘેર આવો.

## સુખી લગ્નજીવનનું રહસ્ય!

**એક પ્રતિષ્ઠિત વ્યક્તિને લગ્ન ના પચાસ વરસ પુરા થયા. બધા લોકોને જાણ હતી કે,**

http://suratiundhiyu.wordpress.com/

તે બહુ સુખી છે. જીવનના બધા વરસો કોઇ પણ આંતરિક વિખવાદ કે ઝઘડા વિનાના આનંદમાં વિતાવેલા.

આ માટે તેનો ઇન્ટરવ્યુ લેવા ન્યુઝવાળા વાળા આવ્યા અને પુછ્યું,

" આપના વિતાવેલા સુખદ વરસોની અમને જાણ છે. એનું રહસ્ય બતાવશો. જેથી બીજા લોકો આપનું ઉદાહરણ લઇ શકે. "

પેલા ગૃહસ્થ પોતાના વિતાવેલા વરસોની યાદ તાજી કરતાં બોલ્યા.

"જરૂર. મને યાદ છે કે .......

અમારા લગ્ન પછી અમે હનીમુન કરવા સિમલા ગયા. ત્યાં ઘોડે સવારી માટે અમેં બે ઘોડા પસંદ કર્યા.

એક ઉપર હું બેઠો અને બીજા પર મારી પત્ની બેઠી. પણ તેનો ઘોડો નટખટ લાગ્યો.

બરોબર ચાલવાને બદલે આંચકા મારીને ચાલતો હતો. એમાં એક વાર તેણે મોટો ઉછાળો માર્યો, અને મારી પત્ની નીચે સરકીને પડી ગઇ. તે ઘોડાની પીઠ થાબડીને બોલી.

"કાંઇ વાધો નહિં આ પહેલી વાર."

કમ નસિબે આગળ જતાં ફરીને ઘોડાએ તેને નીચે પછાડી., છતાં તે પીઠ થાબડીને બોલી.

" કાંઇ વાંધો નહિ આ બીજી વાર, પણ હું ત્રીજીવાર નહિ ચલાવી લઉં "

ઘોડો મારી પત્નીની આ સુચના સમજ્યો નહિં હોય.

કે ગમે તેમ હોય, પણ તેણે ત્રીજી વાર મારી પત્નીને પછાડી.

તેણે પોતાની પર્સ ખોલી અને તેમાંથી રિવોલ્વોર બહાર કાઢીને

હું કઇ પણ બોલું તે પહેલા ધડાધડ ગોળીઓ છોડીને ઘોડાને મારી નાખ્યો.

મારાથી આ સહન ન થયું હું બોલ્યો

" તેં આ શું કર્યું ?

તું માણસ છો કે હેવાન ?

આ ઘોડાના આટલા વાંકમાં તેને ગોળીઓ મારીને મારી નાખ્યો ?"

"આ પહેલી વાર તમને આમ બોલવાની છૂટ આપુ છું " એણે જવાબ આપ્યો.

બસ,આ પછી અમારા જીવનના આટલા વર્ષોમાં કદિપણ બન્ને વચ્ચે ઝઘડો નથી થયો. - અજ્ઞાત

## પત્નીના પરાક્રમ!

- મારી પત્ની મને તડપાવવા માટે શણગાર કરે છે, રસોઈ પણ એટલા માટે જ કરે છે!

http://suratiundhiyu.wordpress.com/

- હું અને મારી પત્ની વીસ વર્ષ સુધી સુખી હતા, તે પછી અમે મળ્યા!
- એક સારી પત્ની પોતાના પતિને માફ કરે છે, જયારે તે ખોટી હોય ત્યારે!
- જો કોઈ માણસ તમારી પત્નીનું અપહરણ કરે તો તેને તેની પાસે જ રહેવા દો, બદલો લેવાની જરૂર નહીં પડે!
- મેં મારી પત્ની જોડે ૧૮ મહિનાથી વાત નથી કરી, મને તેની વાતમાં દખલ કરવાનું પસંદ નથી!
- પુરુષ જ્યાં સુધી લગ્ન નથી કરતો ત્યાં સુધી અધુરો છે, પછી તે સંપુર્ણ ખલાસ થઇ જાય છે!

## પત્નીને ખુશ રાખવાના ઉપાયો:

આમ તો માનનીય બ્રહ્માજીએ અમુક એવા મોડેલ ટેસ્ટીંગ વગર નીચે ધરતી પર મોકલી આપ્યા છે કે ઉપરથી ભગવાન આવીને લાખ યત્નકરે તો પણ કોઈ વાતે ખુશ ના થાય. પણ પડ્યું પાનું નિભાવી લેવું એ ભારતીય સંસ્કૃતિ છે, અને પુરુષે પોતાની પત્નીને ખુશ રાખવા વિષયે યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ. તો અહી પત્નીને ખુશ રાખવાના થોડાક ઉપાય બતાવ્યા છે. એ તમારે જાણવા જોગ.

1. તમે તમારી પત્ની સાથે વાતચીત કરતા હોવ ત્યારે વચ્ચે ના બોલો
2. સવારે ઓફિસ જતા મોજા જાતે શોધી લો
3. ઓફિસથી ઘેર આવીને મોજા બાથરુમમાં જાતે ધોવા નાખો
4. સાસુ સસરા કે કોઇ પણ પિયરીઆ ઘેર આવે તો એક નકલી પૂછડી ચોટાડી જોર જોરથી હલાવો (પણ એમને ચાટવાની કોશિશ ન કરશો!)
5. એ બીજા શહેરની હોય તો એના શહેરની કોઇ પણ ખુબી શોધી એના વખાણ કરો (અરે, આ તો શાયરોનુ શહેર નહી? પેલા કવિ “બેવકુફ” અહીનાં જ નહીં?)
6. એની કોઇ પણ સહેલીના રુપના વખાણ ક્યારેય ન કરો
7. એની સહેલી ઘેર આવી હોય તો ડ્રોઇંગ રૂમમાં વારેઘડીયે આંટા ન મારો
8. એની મમ્મીની રસોઇના વખાણ કરો
9. “હું કેવી લાગુ છુ” નો પ્રમાણિકપણે જવાબ આપવો શકય ના હોય તો એમ કહો કે “ આજે તો તું સાવ જૂદીજ લાગે છે”
10. એના મામાની સરકારમાં બહુ પહોંચ છે એવુ કહો, સાસુ પણ ખુશ રહેશે
11. "તારા પપ્પા બહુ સોશિયલ છે” એવુ મહિને ઓછામા ઓછુ એક વાર કહો

http://suratiundhiyu.wordpress.com/

12. ટીવી જોતી વખતે : “અરે, જોતો, આ કેટરિનાએ તારા જેવી જ હેરસ્ટાઇલ કરી છે” એવુ કહો.
13. તમારી વાત ટુંકમાં કરો.
14. એના પિયરિયાનો ફોન હોય અને “આજે શાક કેવી રીતે દાઝી ગયુ?” એ વિષય પર લાંબી વાતચીત ચાલતી હોય તો તમે તમારા અગત્યના કામ પડતા મુકી ધીરજપુર્વક એ ફોન પુરો થાય ત્યાં સુધી રાહ જુઓ.
15. જમવા બેસતી વખતે પાણી જાતે ભરી લો
16. એની વાત ધ્યાન પુર્વક સાંભળો છો એવુ એટલીસ્ટ બતાવો તો ખરા જ.
17. એ કશુ કહેવા આવે તો છાપુ બાજુ પર મુકી વાત સાંભળો.
18. એ વાત કહેતી હોય ત્યારે ટી.વી. મ્યુટ કરી દો!
19. ઉતરન અને ક્રિકેટ મેચ સાથે ચાલતા હોય તો ઉતરન ચાલતી હોય તે ચેનલ મુકો. એ જો ભુલે ચુકે સામો વિવેક કરે તો એમ કહો કે “મેચ તો રોજ આવે છે”
20. એ એમ કહે કે “આજે બહુ ગરમી છે” તો પંખો ફાસ્ટ કરો યાર!
21. એ એમ કહે કે “આજે બહુ થાકી ગઇ છુ ” તો તરત કહો કે “ચાલ, આજે બહાર જમવા જઇએ”
22. એ એમ કહે કે “આજે રસોઇ કરવાનો મુડ નથી” તો તરત કહો કે “સાચુ કહુ, હું તો પીઝા મંગાવવાનુ જ વિચારતો હતો”
23. વાત વાતમાં એના સોગંદ ખાવ (તારા સમ, તુ સાચે આજે જુદી લાગે છે!)
24. બેડરુમમાં બામની વાસ સહન ના થાય તો ફરિયાદ કર્યા વગર કોક દિવસ ડ્રોઇંગરુમમા સુઇ જાવ.
25. કોઇ પણ ફરિયાદ કરવી હોય તો સીધી નહી પણ આડકતરી રીતે કરો જેમ કે: દાળ પાણી જેવી હોય તો “ આજે દાળ કંઇક જુદી જ હતી!” અને રોટલી કાચી બને તો “આ વખતે ઘંઉ સારા નથી આવ્યા” એમ કહો.
26. અઠવાડિયે એક વાર તો સમય અનેસંજોગો જોઇ ને પૂછી લો કે "કેમ આજે ઢીલી લાગે છે?"
27. શાક સારુ ના બન્યુ હોય તોઅંદર ટોમેટો સોસ નાખો, ફરિયાદ ન કરો.
28. એક હાથથી  ભાખરી ન તૂટતી હોય તો બીજો હાથ વાપરો  ! ભગવાને બે હાથ શેના માટે આપ્યા છે?
29. કામવાળો રજા ઉપર હોય તો ઘરમાંએક જ વાર ચા પીવો.

http://suratiundhiyu.wordpress.com/

30. સફેદ કપડા ક્યારેય ન ખરીદો.અથવા તો પાન-મસાલા છોડી દો.
31. બેલ વાગે તો દરવાજો ખોલવાતમે જાવ, એમાંકાંઇ વારા થોડા પડાય બોસ!
32. ઓફિસનુ કામ ઘરે ન લાવો.
33. શકય હોય તો ઘરનુ કામ ઓફિસ લઇ જાવ.
34. તહેવારો પર નવા કપડા ખરીદવા રૂપિયા ઢીલા કરો.
35. એના ડ્રેસ ખરીદવા સાથે જવાનુ એ પોતે કહે તો પણ ટાળજો, છેવટે બન્ને ખુશ રહેશો!
36. નવા ડ્રેસમાં એ જાડી લાગેતો એમ કહેજો કે " આ ડ્રેસ એક સાઇઝ નાનો આવી ગયો લાગે છે"
37. એનો ભાઇ બહુ ઇન્ટેલીજન્ટછે તેવુ જાહેર કરો
38. લાલ કપડામાં પોસ્ટ ઓફિસનાડબલા જેવી લાગે છે તેવી લોથલ જોક ન મારવી. લાલ કપડામાં સાગરમાં ડિમ્પલ કાપડિયા આવીજ લાગતી હતી એમ કહો.
39. લગ્નદિવસે સાચા સોનાના ઘરેણાલાવી આપો.
40. તમે ખરીદેલી વસ્તુની સાચીકિંમત એના મોંઢે બોલવા દો, અને પછી એની બોલેલી કિંમતની આજુબાજુનો કોઇ પણ આંકડો પાડી દો.તમે જો ડાહ્યા થઇ ને પહેલાજ સાચી કિંમત જાહેર કરશો તો "તમે છેતરાયા" એવુ પ્રમાણપત્ર આપશે અથવાએના માટે તમે "કાયમ હલકી વસ્તુ લાવો છો" એ વાત પર મામલો બીચકશે
41. ઓફિસેથી ઘેર પાછા આવતા પહેલા મોબાઇલના ઇન બોક્સમાંથી **SMS** ડીલીટ કરીને આવો.
42. શક્ય હોય તો મોબાઇલનુ રીસન્ટકોલ લીસ્ટ પણ ડીલીટ કરીને ઘેર આવો.
43. એની મોટી બહેનના ગંદા-ગોબરાતોફાની છોકરાને જોતા જ તેડી લો, અને કહો "કેટલો ક્યુટ અને નૉટી છે!"
44. તમારા સાસરે કૂતરો રાખ્યોહોય તો એ તો તમને ચાટશે જ, મોં નહી બગાડવાનુ, અને એને એની હાજરીમાં ભગાડવાનો કે હટ નહીં કહેવાનું.
45. એ રડે તો રૂમાલ નહીં,એને જે જોઇતુ હોય તેલાવી આપો.
46. રક્ષાબંધને સાસરે જ જમવાનુ ભાઇ ! બેસતું વર્ષ અને ભાઈબીજ પણ સાસરે જ ઉજવવા. અને રવિવારે સાસરે ના જવું હોય તો ખર્ચો કરીને બીજે ગમે ત્યાં ફરવા જવાનું.
47. દાળમાંથી કોથમીર અને બીજો કચરો કાઢતા કાઢતા કોઇના બાવડા સુજી ગયા હોય તેવા વૈજ્ઞાનિક પુરાવા નથી, માટે ખોટી ફરિયાદ કરવાનું બંધ કરો.
48. "સાસરૂ સોનાની ખાણ"ની ડીવીડી વસાવી લો

http://suratiundhiyu.wordpress.com/

49. ફોનનું બિલ એના લીધે વધારે આવે છે એવુ કદી ન કહો.
50. મુસાફરીમાં બધો સામાન તમેજ ઉપાડો! પોત-પોતાનો સામાન પોતે ઉપાડે એટલી બધી સ્ત્રી સમાનતા હજુ આપણા દેશમાં આવી નથી!
51. ચાલવાથી કોઇ પણ અને લગભગ બધી ભારતીય સ્ત્રીઓ થાકી શકે છે. એનો કકળાટ હીલ-સ્ટેશન પર ના કરાય !
52. ઘરનાં ખાવામાં બદલાવ જોવા ઇચ્છતા હોવ તો અઠવાડિયે એક દિવસ ગોગલ્સ પહેરીને જમવા બેસો બોસ !
53. દાળ અને શાકનો કલર જોઇ એના ટેસ્ટ વિષે ચુકાદો ન આપી દો, આજે જે બન્યુ છે તે ન બન્યુ નથી થવાનું!
54. તૈયાર થવામાં વાર લાગે તો કકળાટ ન કરવો. તમે મોડા પહોંચશો તો લગ્ન અટકી પડવાના નથી. અરે, આજકાલ તો રીસેપ્શનમાં વર-કન્યાજ મોડા પહોંચે છે.
55. છાપું વાંચતા વાંચતા કૂકરની સીટી ગણવાનું  શીખી જાવ.
56. ગેસ બંધ કરતા પણ શીખી જાવ. રસોડા સુધી ચાલવાથી તમારી ફાંદ ઉતરે તેવુ તે માનતી હોય તો માનવા દો.
57. ડસ્ટબીન નજીક જઇ કચરો નાખવા માટે છે, દુરથી નિશાનબાજીની પ્રેક્ટીસ કરવા માટે નથી. સમજ્યા ? તમારા ખોટા નિશાનના લીધે કચરાપેટીની  અંદર કરતા બહાર વધારે કચરો દેખાય તો ગમે તેને ગુસ્સો આવે.
58. કોબીના શાકમાં ખાંડ ન નખાય એવો કોઇ કાયદો નથી. ખોટા કાયદા નહી બતાવવાના.
59. શિયાળામાં દહીં ન જામે. તમને વધારે સારુ જમાવતા આવડતુ હોય તો તમે જમાવોને બૉસ! એકાદ દહાડો ખીચડીમાં દહીં ન મળે તો ઝાડાન થઇ જાય.
60. "ટીવીનું રિમોટ ક્યાં પડ્યું છે ?" આવા વાહિયાત સવાલો ન કરો.
61. ઉનાળામાં બે જ શાકભાજી મળે છે. બટાકાઅને રીંગણ. અને આ બંને તમને નથી ભાવતા તે તમારી સમસ્યા છે.
62. ઘરની પાણીપુરી એ બજારની પાણીપુરી જેવી ના પણ બને, એ માટે ભૈયાના પરસેવા વાળા હાથ ઘરે લાવવા પડે!
63. એ હસી હસીને ફોન પર વાત કરે છે ? તો ફોન પીયરિયાનો હશે,બીજી કોઈ શંકા અસ્થાને છે.
64. સ્ત્રીઓને ઇલેકટ્રોનિક ગેજેટસ વાપરતા નથી આવડતું,  એ વાત અમેરિકન રીસર્ચથી સાબિત થયેલ છે, માટે એ વિષે તમારે અલગ વ્યાખ્યાન આપવાની જરૂર નથી.

http://suratiundhiyu.wordpress.com/

65. એને કાર ચલાવતા શીખવવાની કોશિશ ન કરશો. ડ્રાઇવિંગ સ્કુલવાળાઓને પૈસા આપો અને એ વસુલ થતા જુઓ.
66. એને કાર ચલાવતા નથી આવડતુ તો શું થયુ? રસ્તામાંતમે કોઇની સાથે ભટકાઇ  ના પડો તે માટે તમને સુચના આપે તો એમાં એણે શું ખોટું છે ?
67. ટુથપેસ્ટ પુરી થવા આવે ત્યારે પેસ્ટ કાઢી આપવી એ પતિનો ધર્મ છે. આવા ક્ષુલ્લક કામો એ આટલા વર્ષોમાં કેમ ન શીખી તેવા તુચ્છ વિચારો ન કરવા.
68. એના પર્સમાંથી તમારે જે  જોઇએ છે તે માંગો, એમ ખાંખાંખોળા કરી કામ ના વધારો.
69. માંગ્યા વિના તો મા પણ ના પીરસે.આ તો પત્ની છે.
70. ઓફિસેથી ઘેર પાછા આવતા અવશ્ય ફોન કરો, ડાર્લિંગ કાઈ લાવવાનું  છે?
71. પીરસતા વાર થાય તો રાહ જુવો,તકિયો ના માંગો.
72. ઘરમાં વોશિંગ મશીન તમારા સ્ટેટસ માટે લીધું છે, કપડા તો રામો જ સારા ધુવે. માટે 'વોશિંગ મશીનનો ખર્ચો કેમ કરાવ્યો ?' એવો બેવકૂફ જેવો સવાલ કરવો નહિ.
73. રેલ્વે સ્ટેશને કે એરપોર્ટ પર એને વિદાય કરવા જતી વખતે ક્યારેય મોઢું હસતું ના રાખો. તમારા અરમાનોને દબાવી રાખતા શીખો.
74. રાતે ઊંઘમાં બબડતા હોવ તો જે બોલોતે સ્પષ્ટ બોલો, ખાસ કરીને કોઈ સ્ત્રીનું નામ.
75. મોબાઈલ પર્સમાં મુક્યો હોય તો રીંગ ના સંભળાય એ કોમન સેન્સની વાત છે. સ્ત્રીઓ એ સિવાય મોબાઈલ ફોન ક્યાં મુકે? છે કોઈ જવાબ?

નોંધ:

1. આ ઉપાયો અંગે લખનાર કોઈ ગેરેંટી નથી આપતા, તેમજ ઉપાય કારગત ના નીવડે તો આ અંગે કોઈ પણ પ્રકારની તકરાર કરવી નહિ.
2. આ ઉપાયો મેંઅજમાવેલા છે કે નહિ તેવો બેવકુફ જેવો પ્રશ્ન કરવો નહિ. બેવકુફ જેવા પ્રશ્નો પૂછવાની પેટન્ટ મારી પાસે છે.
3. ઉપરના ઉપાયો પર પિષ્ટપેષણ કરી સમય બગાડવો નહિ. એટલા સમયમાં પત્નીની ઘણી સેવા થઇ શકે છે.
4. કુંવારાઓ માટે શું ? એવા વાહિયાત સવાલો અહી ન કરવા.

(લેખકનું નામ ખબર નથી. જાણ કર્યે અહી લખવામાં આવશે)

http://suratiundhiyu.wordpress.com/

## કૉમ્પ્યુટર વગરનું જીવન કેવું હોઈ શકે ?

મારી પાસે કૉમ્પ્યુટર નથી. એના વગર મારું કશુંય અટકતું નથી, મારે એ વસાવવું નથી. પરંતુ પ્રશ્નોત્તરી વિભાગ રિડિફ.કોમ શરૂ થયો ત્યારથી શીલા ભટ્ટ મને ઈન્ટરનેટ લેવા માટે આગ્રહ કરી રહ્યાં છે. મારે ઘરમાં માહિતીનું ગોડાઉન નથી જોઈતું. મારે તો માહિતીના વજન વગર હીંચકે બેસીને પ્રેમાનંદનું 'નળાખ્યાન' કે વાલ્મીકિનું 'રામાયણ' કે કાલીદાસનું 'મેઘદૂત' કે ભારવિનું 'કિરાતાર્જુનિયમ' કે ભવભૂતિનું 'ઉત્તરરામચરિત' કે શુદ્રકનું 'મૃચ્છકટિકમ' વાંચવું છે. કોમ્પ્યુટર સાથે જોડાયેલું ઈન્ટરનેટ મારાં ચરણોમાં દુનિયાભરની માહિતીનો ઢગલો ઠાલવી દે છે. કેવળ માહિતી તો ઘાસ જેવી છે. ઘાસ ખાવા માટે ગાય છે. માણસ તો એમાંથી બનેલું દૂધ (જ્ઞાન) અને નવનીત (શાણપણ) પામવા માટે સર્જાયો છે. જો માહિતી ખાવાથી જ્ઞાની બનાતું હોત તો ઊધઈ સૌથી મોટી વિદ્વાન ગણાતી હોત. આટલું કહ્યા પછી કહેવાનું કે જો યોગ્ય વિનિયોગ થાય તો કૉમ્પ્યુટર આશીર્વાદ છે. હવે એના વગર નહીં ચાલે. દુનિયા ગામડું બની રહી છે. સરહદો અર્થહીન બની રહી છે. ઈન્ટરનેટ ઘણું આપી શકે તેમ છે. એની સામે એટલો લાંબો સમય ન બેસવું કે જીવન ખતમ થાય. કૉમ્પ્યુટર સાથે જડાઈ ગયેલા પતિની પત્નીને 'કૉમ્પ્યુટર વિધવા' કહે છે. કૉમ્પ્યુટર મિત્ર છે, પરંતુ એ તમારા માથા પર ચડી બેસે ત્યારે શત્રુ છે. બધો આધાર મારા-તમારા પર છે.

શ્રી કૉમ્પ્યુટરાય નમ:

કૉમ્પ્યુટર વિધવા – ડૉ. ગુણવંત શાહ

લેખકના પુસ્તક 'ગુફતગૂ'માંથી સાભાર

## હું હવે થાકી ગયો છું માણસોથી

રાતને દીવસ સતત એ કંઈને કંઈ માગ્યા કરે
બંધ આંખે, હાથ જોડે, શીશ ઝુકાવે, ઘુંટણીયાભેર થઈ જઈને પગે લાગ્યા કરે
ધુપને દીવા કરે, પુજન કરે, અર્ચન કરે છે ને કથાકીર્તન, હવન-હોળી કરે, મારી સર્જેલી બધી વસ્તુઓથી લલચાવે
મને ફળફુલ, નૈવેદ ને શ્રીફળ ધરે... માગણીની રોજ માળા ફેરવે, મણકા ગણે ને કોથળીમાં હાથ સંતાડ્યા કરે
હું હવે થાકી ગયો છું માણસોથી*

http://suratiundhiyu.wordpress.com/

આ સકળ બ્રહ્માંડ ચૌદે લોકમાં નીવાસ મારો છે ધરા, પાતાળ ને આકાશમાં
તો પણ મને પુરે છે મંદીર – મસ્જીદોની જેલમાં, છું હું ઘણાં યુગોથી કારાવાસમાં,
હું એક ઉર્જારુપ છું પણ સૌ અલગ નામે, અલગ રુપે હજારો ધર્મને સ્થાપ્યા કરે…
હું હવે થાકી ગયો છું માણસોથી

માણસો સર્જીને કીધી ભુલ મેં, આજે જુઓ એ મુર્તીઓ મારી જ સર્જે છે
હવે એ ડુબાડે છે, વીસર્જન પણ કરે છે, ઉત્સવો નામે સતત ઘોંઘાટ ગર્જે છે
હવે રોડ પર કાઢીને શોભાયાત્રા, ડીસ્કોને ડીજે. તાલમાં જાહેરમાં નાચ્યા કરે
હું હવે થાકી ગયો છું માણસોથી…

માંગણી છે એડમીશન ને પરીક્ષામાં ટકા ને નોકરી–ધંધો… સગાઈને સીમંત
બંગલોને કાર, સીદ્ધી–સંપત્તી ને રોગમુક્તી… એવી અઢળક માંગણીઓ છે અનંત
એ મંત્રેલા દોરાધાગાઓ અને તાવીજ બાંધી મારી કાયમ માનતા માન્યતા કરે
હું હવે થાકી ગયો છું માણસોથી…!
લેખક: અજ્ઞાત

## લગ્ન પછી?

**ચંપક: આ દિવસનો તો મને કેટલા વખતથી ઇંતેજાર હતો**
**ચંપા: તો હું જાઉં**
**ચંપક: નાં, બિલકુલ નહીં**
**ચંપા: હું મને તમે ખુબ જ પ્રેમ કરો છો?**
**ચંપક: હા, પહેલા પણ કરતો હતો, આજે પણ કરું છું અને આગળ પણ કરતો રહીશ.**
**ચંપા: શું તમે મારી સાથે દગો કરશો?**
**ચંપક: નાં, એના કરતાં તો હું મરી જવાનું પસંદ કરીશ.**
**ચંપા: શું તમે મને હંમેશા પ્રેમ કરશો?**
**ચંપક: હંમેશા**

http://suratiundhiyu.wordpress.com/

ચંપા: શું તમે મને કોઈ વખત મારશો?

ચંપક: નાં, હું એવો માણસ નથી
ચંપા: શું હું તમારી ઉપર ભરોસો કરી શકું છું?
(ઉપરનો સંવાદ હવે નીચેથી ઉપર વાંચો)

## ખીચડીમાં મીઠા જેટલો જ ભ્રષ્ટાચાર!

એક વેચાણવેરા અધિકારી પાસે અમે માત્ર સો ગ્રામ ભજિયાં કે પચાસ ગ્રામ ખારી બિસ્કિટનું પડીકું આપીને અમારો કેસ પતાવી શકતા. અરે, કેટલીકવાર તો માત્ર ને માત્ર બે-ત્રણ શ્રીફળ, બૂટ પોલિશની ડબ્બી અને બૂટની બે જોડ દોરીમાં અમારું કામ કઢાવી લેતા.

સ્વર્ગસ્થ-કાયમ સ્વર્ગમાં વસનાર ભગવાન ઇન્દ્ર છે. દેવ જેવો દેવ થઇને આ ઇન્દ્ર પોતાનું સિંહાસન જતું ન રહે એ વાસ્તે જાતજાતના ભ્રષ્ટાચાર કરતો. કોઇ ઋષિ આકરું તપ કરીને ઇન્દ્રની ઊંઘ ઉડાડી દે, ઇન્દ્રનું સિંહાસન જતું રહેશે એવી જરાતરા બીક લાગે તો એ ઋષિનો તપોભંગ કરવા તે એકાદ અપ્સરાને પૃથ્વી પર મોકલી આપતો. સ્વર્ગમાં લગભગ સાડા ત્રણ કરોડ અપ્સરાઓ વસતી. આ આંકડો અમે આર.ટી.આઇ. રાઇટ ટુ ઇન્ફર્મેશનમાંથી નહીં, પુરાણોમાંથી મેળવેલ છે. આ સાડા ત્રણ કરોડ પૈકી ઉર્વશી, અલંબુષા, તિલોત્તમા, ધૃતાચી, કુંડા, મંજુઘોષા, મેનકા, રંભા અને સુદેષી મુખ્ય છે, એ પછી ૧૦૬૦ નોંધપાત્ર અપ્સરાઓ હતી. (આ બધી વિગત મારા જ્ઞાનના પ્રદર્શન કે કોઇ રસિક વાચકના મોંમાં પાણી લાવી તેને વહેલા વહેલા સ્વર્ગવાસી કરવાની લાલચ આપવા નથી લખી.) એ બધી શાર્પ-શૂટરો હતી એ જમાનાની.

ટૂંકમાં એ જમાનામાં તેમજ હું સેલ્સ-ટેક્સની પ્રેક્ટિસ કરતો હતો ત્યાં સુધી ભ્રષ્ટાચારમાંય સસ્તાઇ હતી. કદાચ આ જ કારણે આવો પાનપટ્ટી, ચા-પાણી કે નાસ્તા જેટલો, ખીચડીમાં મીઠા જેટલો જ ભ્રષ્ટાચાર હોવાને કારણે તેને દૂર કરવા માટે અણ્ણા હજારે જેવા અતિ ભલા માણસ પાસે આમરણાંત ઉપવાસ કરાવવાની જરૂર નહોતી પડતી. થોડાક રૂપિયા માટે થઇને કોઇ સજ્જને શા માટે ખાધા-પીધા વગર મરી જવું પડે!

પારકી પંચાત કોને કહેવાય? એવું મને પૂછ્યા પછી ગીધુકાકા એનો જવાબ આપતાં બોલ્યા:
'પોતાના દેશમાં શું ચાલી રહ્યું છે એની ચિંતા કરવાને બદલે અમેરિકા કહે છે કે ભારતમાં આજકાલ

http://suratumhiyu.wordpress.com/

જે ભ્રષ્ટાચાર ફૂલ્યો-ફાલ્યો છે એને કારણે પચાસ ટકા ભારતીયો હતાશ થઇ ગયા છે. અમેરિકાની પબ્લિક ઓપિનિયન એજન્સીએ તાજેતરમાં પ્રગટ કરેલ નવા સર્વેક્ષણ પ્રમાણે દેશમાં ભ્રષ્ટાચારની સમસ્યા બિલકુલ વકરી ગઇ છે અને આ કારણે ભારતની અડધો અડધ પ્રજા ત્રાસીને હતાશ થઇ ગઇ છે.'જોકે હકારાત્મક રીતે જોવા જઇએ બાકીની પચાસ ટકા પ્રજાને ભ્રષ્ટાચાર સામે ખાસ કોઇ ગંભીર ફરિયાદ નથી.

એ લોકો લેતી-દેતીને એક વ્યવહાર ગણી ચાલે છે, એનો અર્થ એવો નથી કે માત્ર ને માત્ર અણ્ણા હજારેને જ ભ્રષ્ટાચારની ખબર છે. અને-અને અમેરિકા તો ભારત પાસે બેબી અમૂલ છે. એની ઉંમર કેટલી? માંડ પાંચસોથી સાડા પાંચસો વરસની. એના કરતાં તો અમારું અમદાવાદ ઉંમરમાં મોટું, તે છસો વર્ષનું છે ને ભારતની ઉંમર તો હજારો હજારો વર્ષની છે. તેની પાસે સંસ્કારોનો પુરાણો વારસો છે, એમાં થોડો ભ્રષ્ટાચાર પણ ઘૂસી ગયો હોવાની અમને પાકી જાણ છે.

એટલે તો કોઇ રાજ્યનો મંત્રી ખુરશી મેળવવા કે બચાવવા ભ્રષ્ટાચાર આદરે તો અમે એ ભ્રષ્ટાચાર સામે આંખ આડા કાન કરીએ છીએ. ઉ. ત. જયલલિતા. તેણે આચરેલ ભ્રષ્ટાચારની ખબર હોવા છતાં તેને એ. રાજા જેટલો ભ્રષ્ટાચાર કરવાની તક મળે એ માટે થઇને તેને અમે સંપૂર્ણ બહુમતી આપી-કોઇનો પણ સાથ લીધા વગર એકલે હાથે લૂંટ ચલાવી શકે એ જ અમારી ભાવના છે.

આમ ભ્રષ્ટાચાર તો એ પછી ધરતી પર રાજા ભોજ, ચાણક્યવાળો ચન્દ્રગુપ્ત, અકબર, અહમદશાહ બાદશાહ, ગાંધીજી અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરના સમયમાં હતો. ટાગોરનાં ભાભી કાદમ્બરીએ તદ્દન યુવાનવયે આત્મહત્યા કરી નાખી હતી. તેની લાશનું પોસ્ટમોર્ટમ ન થાય એ માટે રૂપિયા પાંચની લાંચ આપવી પડી હતી. આવા કિસ્સામાં આબરૂદાર પરિવારની પુત્રવધૂના ડેડ બોડીનું પોસ્ટમોર્ટમ નહીં કરાવવાનો ભાવ આજકાલ કેટલા લાખ (કે કરોડ) રૂપિયા ચાલે છે એ જાણવાનું મન છે.

ટૂંકમાં એ જમાનામાં તેમજ હું સેલ્સ-ટેક્સની પ્રેક્ટિસ કરતો હતો ત્યાં સુધી ભ્રષ્ટાચારમાંય સસ્તાઇ હતી. કદાચ આ જ કારણે આવો પાનપટ્ટી, ચા-પાણી કે નાસ્તા જેટલો, ખીચડીમાં મીઠા જેટલો જ ભ્રષ્ટાચાર હોવાને કારણે તેને દૂર કરવા માટે અણ્ણા હજારે જેવા અતિ ભલા માણસ પાસે આમરણાંત ઉપવાસ કરાવવાની જરૂર નહોતી પડતી. થોડાક રૂપિયા માટે થઇને કોઇ સજ્જને શા માટે ખાધા-પીધા વગર મરી જવું પડે!

http://suratiundhiyu.wordpress.com/

વેચાણવેરા અધિકારીઓને ન્યાય આપવા ખાતરેય કહેવું જોઇએ કે તે રિઝનેબલ હતા, હજમ થાય એટલું જ ખાતા. આથી એક વેચાણવેરા અધિકારી પાસે અમે માત્ર સો ગ્રામ ભજિયાં કે પચાસ ગ્રામ ખારી બિસ્કિટનું પડીકું આપીને અમારો કેસ પતાવી શકતા. અરે, કેટલીકવાર તો માત્ર ને માત્ર બે-ત્રણ શ્રીફળ, બૂટ પોલિશની ડબ્બી અને બૂટની બે જોડ દોરીમાં અમારું કામ કઢાવી લેતા. જોકે એની બાજુની કેબિનમાં બેસતો બીજો ઓફિસર એના પર બીજાના ભાવ બગાડવા બદલ ગુસ્સે થઇ તેને વારંવાર ઠપકો આપતો.

તો અન્ય એક અધિકારીને અમારા અસીલે પચાસ રૂપિયા આપ્યા તો એ સિદ્ધાંતવાદી અધિકારીએ પચ્ચીસ પાછા આપતાં કહ્યું: ‘હું આનાથી વધારે નથી લેતો.’ અમે આનું કારણ પૂછતાં તેણે નિખાલસતાપૂર્વક જણાવ્યું કે આપણે મોટી રકમની માગણી કરીએ તો કોઇ છટકામાં પકડાવી દે. જ્યારે પચ્ચીસ રૂપિયા ઓફિસરને આપતાં કોઇની આંતરડી ના કકળે. બોલો, મારું લોજિક ખોટું છે? એ પણ ખરું કે અમારા વખતમાં વેચાણવેરા અધિકારીઓ ઇશ્વર તેમજ એન્ટિકરપ્શન બ્રાન્ચથી, ઇશ્વરથી ઓછા, એન્ટિકરપ્શનવાળાઓથી વધારે ડરી ડરીને ચાલતા.

એક સેલ્સટેક્સ ઓફિસર તો કેસ શરૂ કરતા પહેલાં જ અમને સૂચના આપી દેતો કે ટેબલનું ખાનું ખુલ્લું છે, ઉપરવાળાના નામ પર જે કંઇ રૂપિયા મૂકવા હોય એ મૂકી દેજો, હું ટોઇલેટ જઇને આવું છું, કેસ બાબત ફિકર-ચિંતા ના કરશો, શું સમજ્યા? ને મારો વેપારી મંદિરમાં રૂપિયા મૂકતો હોય એટલી શ્રદ્ધાથી ટેબલના એ ઉઘાડા ખાનામાં રૂપિયા સરકાવી દેતો ને કેસ પતી પણ જતો. એ અધિકારીઓની ઓનેસ્ટી બિયોન્ડ ડાઉટ, એકવાર લાંચ લીધા પછી પ્રામાણિકતાથી કેસ પૂરો કરી આપે, ને એમાં ઓડિટ પણ ન આવે.

એક ઉપલા અધિકારી લાંચ લેતા નહીં કે કેસ સરખી રીતે પૂરો કરતા નહીં ને પોતાની ઓનેસ્ટી બાબત જાહેરમાં ગર્વ કરતાં છતાં દિવાળીના અઠવાડિયા પહેલાં અમને શોધી, બોલાવી કહેતા: ‘તમારી શુભેચ્છાઓના પ્રતીક રૂપે આ દિવાળી પર મને મીઠાઇ ન મોકલશો, એના વિકલ્પે એક કિલો સૂકા મેવાનું બોક્સ પહોંચાડજો.’ બસ, આ મજા હતી, અણ્ણા હજારેની જરૂર નહોતી પડતી.
સાભાર: ઈદમ્ તૃતીયમ્ , વિનોદ ભટ્ટ

http://suratiundhiyu.wordpress.com/

# U.S. એમ્બસીમાં મસ્ત ઈંટરવ્યુ

**સૌજન્ય: સંદેશ**

VI SA સ્પેલિંગનો ઉચ્ચાર વિસા જ થાય પણ આપણે ગુજરાતીઓ હંમેશાં વિઝા જ બોલીએ. બોલે તો અપુન કા અંગત સ્ટાઈલ હૈ! અમેરિકાના વિઝા મેળવવા એ લગભગ ગુજરાતીઓનું સપનું હોય છે ને હું પણ એમાંનો એક છું. કોઈ પણ ગુજરાતી U.S.ના વિઝા મળે એટલે જાણે એના છોકરાનાં લગ્નના વરઘોડામાં ઐશ્વર્યા ને મલ્લિકા મફત નાચવા આવી હોય અને જે આનંદ વરના બાપને થાય એવો રાજીપો ફિલ થાય. આપણી ગુજરાતી પ્રજામાં જ ઘણાં લોકો એવા છે જે અમેરિકા જવા માટે 'કંઈ પણ' કરવા તૈયાર છે પછી ભલે ત્યાં જઈને 'કંઈ પણ' કરવું પડે.

વિઝાનો ઇન્ટરવ્યૂ જ્યારે આવે છે ત્યારે અચરજની વાત એ હોય છે કે જે લોકો કદી U.S. નથી ગયા કે એપ્લાય પણ નથી થયા એ બધા જ તમને બીવડાવવા લાગે છે. પેલ્લો સવાલ તો પૂછશે જ! ઓલ્યુ ગોખી નાંખજો! ફલાણા ડોક્યુમેન્ટ તો રાખવા જ પડશે! ઢીંકણો જવાબ તો ગોખી નાંખજો નકર મર્યા સમજજો! બાપ રે! ગત અઠવાડિયે બાંદ્રા કુર્લાની U.S. એમ્બસીમાં ઇન્ટરવ્યૂ નક્કી હતો. મારી ટીમમાં છ કલાકારો તો સારું એવું ભણેલા હતા પણ બુદ્ધિનો લઠ હતો મંજીરાવાદક ચકો. ચકો છેલ્લાં દસ વરસથી મારી સાથે ડાયરાના પ્રોગ્રામોમાં મંજીરા વગાડે છે અને પ્રોગ્રામ પૂરો થાય પછી મારું મગજ વગાડે છે. કાર્યક્રમ ન હોય ત્યારે રિક્ષા ચલાવી લ્યે. ડાયરાની ભભક જોઈ ઈ હવે ફુલટાઈમ મંજીરાવાદક થઈ ગયો છે. ચકાને મંજીરા સિવાય કલાક્ષેત્રમાં કશું આવડતું નથી છતાં ઇ ક્યાંય મોળો ન પડે. ચકાના કાળજામાં કોન્ફિડન્સના કોથળા ભરેલા છે. સ્હેજ પણ પોતાના મગજને તસ્દી દીધા વગર હવે સામેવાળાના મગજનો ફાલુદા બનાવી શકે છે. 'ચીડિયાઘર'ના ગધ્ધાપ્રસાદની જેમ ચકો પણ અમેરિકાના વિઝા માટે મુંબઈ આવ્યો.

**ચડાવી લ્યો તમે જ વાંચી લ્યો આ સવાલએજન્ટે ચાલીસ પ્રશ્નોનું લીસ્ટ કરાવ્યું કે આમાંથી કાંઈ પણ પુછાશે, હવે ચકાને એનું પોતાનું સરનામું યાદ રહેતું નથી. એ ચાલીસ સવાલો શેનો ગોખે? બીજા બધાયે તો જવાબ ગોખી નાંખ્યા. U.S. એમ્બેસીમાં ઇન્ટરવ્યૂ શરૂ થયા. અમારા છ જણાનો ત્રણ ત્રણ મિનિટમાં વારો પતી ગયો, પરંતુ ચકાનો ઇન્ટરવ્યૂ દસ મિનિટ હાલ્યો. U.S. એમ્બેસીને અમારા ચકાએ કેવી ગોટે જવાબઃ**

**પ્રશ્ન** : તમે આની પહેલાં અમેરિકા ગ્યા છો?

http://suratiundhiyu.wordpress.com/

**ચકો** : ના સાહેબ, ગઢકા, મુંજકા, રબારિકા ગ્યો છું ને તમે આજ લગી ક્યાં કોઈ'દી બોલાવ્યો તંઈ જાય?

**પ્રશ્ન** : તમારા ટૂર ઇન્ચાર્જ કોણ છે?

**ચકો** : મેં હમણાં જ B.S.N.L.નું સો રૂપિયાનું રિચાર્જ કરાવેલું છે.

**પ્રશ્નઃ** તમે કેલિફોર્નિયામાં પ્રોગ્રામ આપવા જવાના છો?

**ચકો** : થેલેસેમિયા મારા કુટુંબમાં કોઈને નથી સાહેબ. કાં ખોટા આળ નાંખો? નખમાં'ય રોગ નથી નકર થોડા અમેરિકા લગી પુગીએ?

**પ્રશ્ન** : તમે ટેમ્પામાં કોને ત્યાં રોકાવાના છો?

**ચકો** : ટેમ્પામાં થોડા રહીએ સાહેબ. મસ્તીની હોટલુ હઈશે ચકાચક! ટેમ્પામાં તો આંયા પણ નથી રહેતા. બાપાને ઘરનાં ઘર છે. ફળિયામાં નળ છે ને છોકરાં લાઈનસર છે. (એમ્બસીવાળો ધોળિયો માથું કૂટે છે ને ભાષાંતર કરવાવાળી છોકરી રોવા જેવી થઈ જાય છે.)

**પ્રશ્ન** : પેન્સિલવેનિયામાં તમારો ક્યાં પ્રોગ્રામ છે?

**ચકો** : હું પેન્સિલ વાપરતો જ નથી. ક્યો તો બોલપેન આપું, છ રૂપિયાવાળી છે હાઈક્લાસ હાલશે.

**પ્રશ્ન** : ન્યુજર્સી આની પહેલાં તમે જોયું છે?

**ચકો** : જર્સી હું નવી જ પહેરું છું ને ગંજીચડ્ડી સિવાય જૂનાં કપડાં પહેરતો નથી.

**પ્રશ્ન** : એટલાન્ટા કે લાસવેગાસમાં કોઈ તમારું ઓળખીતું છે?

**ચકો** : ઘરનું એન્ટેના હમણાં જ તૂટી ગ્યું છે અને ગ્લાસ સાથે નથી લાવ્યો પણ ઘરમાં છ ગ્લાસ છે કાચના ને ઇ પણ વાપર્યા વગરના!

**પ્રશ્ન** : તમે જેની સાથે અમેરિકા જવાના છો એ સાંઈરામ દવે શું કરે છે?

**ચકો** : એ'યને ટેસડા કરે છે. વાંહે બેઠા છે બોલાવી લાઉ?

**પ્રશ્ન** : તમે અમેરિકા શું કરવા જાવ છો?

**ચકો** : મજા કરવા.

**પ્રશ્ન** : તમે અમેરિકામાં રોકાઈ જાશો?

**ચકો** : તો પછી ઇન્ડિયામાં ચાર બેંકુના હપ્તા કોણ ભરશે?

**પ્રશ્ન** : (નિસાસો નાંખીને) ઓહ માય ગોડ! તમારો એક પણ જવાબ મને સમજાતો નથી, તમને કેવી રીતે વિઝા આપું?

**ચકો** : ઈ આ વચેટ બહેનને ઇંગ્લિશ કરતાં ન આવડયું એનો ડખો હઈશે. બાકી સાહેબ મેં તમારા એકેય સવાલને ઠેકાડયો નથી. આમાંથી કાંઈ ખોટું હોય તો તમારી મા મરે! મેં સંધાયમાં 'હા' જ પાડી છે ને તમારા દેશને તો 'હા' પાડે એવાં જ બકરાંઓની જરૂર છેને!

http://suratiundhiyu.wordpress.com/

ધોળિયો બે ગ્લાસ પાણી પીને ચકાને નહીં પણ એના ભોળપણ અને કોન્ફિડન્સને વિઝા આપી ધ્યે છે. અમારા છ જણાના શ્વાસ અધ્ધર છે. અમને સંધાયને વિઝા મળ્યા તો ઊપડશું અમેરિકા નહીંતર ચકો એકલો સ્ટેચ્યુ ઓફ લીબર્ટી હેઠે બેસીને મંજીરા વગાડશે, બીજું શું!

## પરણેલો પુરુષ કેવી રીતે ઓળખાય..?

**અમને એક દિવસ વિચાર આવ્યો કે સ્ત્રીઓ પરણેલી છે કે કુંવારી તે તો તરત ઓળખાય છે….પણ આ ભમરાળા કળાકાર પુરુષને કેવી રીતે ઓળખવો.?**

**સ્ત્રીઓ એ માથામાં સિંદૂર કર્યુ હોય…કે ગળા માં મંગલ સુત્ર પહેર્યું હોય તો તેની પાસે લગ્નનું પાકુ લાઈસન્સ છે એમ કહી શકાય…અને ધારો કે એમ ન હોય તો પણ સ્ત્રીના ચહેરા પરનું વિજયી સ્મિત,ચહેરા પરનું ગુમાન, શારીરિક વૈભવ(ચારે દિશામાં), ફિકર વગરની ચાલ જેવા લક્ષણો હોય તો તે કોમલાંગીની સુહાગીની જ હશે એમ કહી શકાય….**

**પણ પુરુષો માં ચાર ખબર જ ના પડે કે ભાઈ ખીંટીએ ભરાઈ ચૂક્યા છે કે હજુ બાકી છે….!.**

**તો મિત્રો વિવિધ સર્વે.,નિરિક્ષણો તથા તજજ્ઞો સાથેની ચર્ચા વિચારણા ના ફળ સ્વરુપ પરણિત પુરુષોને ઓળખવા માટે, જાહેર જનતાના લાભાર્થે નીચેના તારણો રજૂ કરવામાં આવે છે…**

**- જેના ચહેરા સામે જોતાજ દયાનો ભાવ આવે..જેને દોડીને મદદ કરવાનું મન થાય…જેના હાલહવાલ પૂછવાનું મન થાય,બેહાલ કોણે કર્યા છે એમ પૂછીને એને દુ:ખી તો ન જ કરાય ને..?જેને હિંમત આપવાનું મન થાય..**

**- જે હંમેશા નીચી મૂડી રાખીને ચાલતો હોય છે.. કેમ જાણે નીચે વેરાઈ ગયેલું સુખ ન શોધતો હોય…!**

**- જે ખૂબ જ ઓછુ બોલતો હોય, વચ્ચે ક્યારેય ન બોલતો હોય,સામે દલીલ ક્યારેય ન કરતો હોય…અને સતત ભલે..સારુ..ગમશે…ચાલશે…ફાવશે….વાંધો નહીં…..તમે કહો એમ….કામ થઈ જશે…આજે ઉપવાસ છે….એવા વાક્યો દિવસ માં અનેક વાર બોલતો હોય છે….**

**- જેના ચહેરા પર અને શરીર પર હારેલા યોધ્ધા જેવા હાવભાવ હોય છે…ચહેરા પર અને શરીર પર નાનામોટા ઘા ના નિશાન હોય છે…..તો ક્યારેક પાટાપિંડી કરેલ હોય છે ખાસ કરીને ઘરેથી જ નિકળ્યા હોય છે ત્યારે…**

http://suratiundhiyu.wordpress.com/

- જે ઘરમાં હોય ત્યારે મોટેભાગે મૌનવ્રત પાળતો હોય છે...અને ઘરેથી બહાર નિકળતાં જ મોટે થી બોલતો હોય છે...સતત બોલતો હોય છે....ક્યારેક કારણ સહીત અને ક્યારેક કારણ રહીત હસતો હોય છે...

- જે પોતાના જ ઘર માં રુમ બંધ કરીને એકલો જ, કોઈની મદદ વગર અપ્રિતમ હિંમતથી ઓશીકાને ઓશીકાથી ફટકારતો હોય છે અને બોલતો હોય છે 'લે...લેતી....જા..' લે ...લેતી...જા'...

- જે પહેલી તારીખે રાજાપાઠ માં અને ૨૦ તારીખ પછી કકડાબાલૂસ થઈ લોન માટે પૂછપરછ કરતો હોય છે...

- જે વાતવાત માં હંમેશા એમ બોલતો હોય છે કે."આ બધો નશીબનો ખેલ છે ભાઈ...માણસ તો ઈસ્વર સામે મગતરું છે...ધાર્યું તો ધણીનું થાય..(કે ધણીયાણીનું..?)

- જે ઘરે હોય ત્યારે વારંવાર એમ બોલતો હોય છે.."પત્તર ના ઝીંક...,પત્તર ના ખાંડ..., મગજનું દહીં ના કર ...માથાકૂટ ના કર...કહ્યું એમ કર...,લોહી ના પી"....(માંકડ, મચ્છર માટે થોડું રહેવા દે..)

- ઉનાળાના વેકેશન માં એ જો ખૂબ ખુશ દેખાતો હોય તો માનવું કે પત્ની પિયર ગઈ હશે કે પછી જવાની તેયારી ચાલતી હશે...

- જે ઓફિસથી ઘરે જતો હોય તો હાથમાં થેલી તો પકડેલી હોય જ...

- જો પુરુષ અને સ્ત્રી સાથે હોય અને પુરુષ બે ડગલા આગળ ચાલતો હોય તો માનવું જ કે પતિ-પત્ની જ હશે....

- જે હંમેશા ભજન ગાતો હોય....."કોઈ કોઈનું નથી રે કોઈ કોઈનું નથી રે",..."દુ:ખી મન મેરે સુન મેરા કહેના જહાં નહીં ચૈના વહાં નહીં રહેના..."

- જે ઘરે આવતા જ મોટા અવાજે ટીવી ચાલુ કરી ટીવી સામે બેસી જાય છે......

- જે પુરુષ સ્ત્રી સાથે રહેતો હોય અને એ સ્ત્રીની બર્થ ડે દર વર્ષે ભૂલી જતો હોય....વળી એની સજા પણ દર વર્ષે ભોગવતો હોય...એ પુરુષ પરણેલો હોય એમ જાણ....આ જ પુરુષ લગ્ન પહેલા એ જ સ્ત્રી ને રાત્રે ૧૨ વાગે બર્થ ડે વિશ કરતો હોય છે....

- જે પુરુષ ઓફીસ માં ઓવરટાઈમ કરવા હંમેશા રાજી હોય છે

- જે લગ્ન વિષે બોલતો હોય છે "લગ્ન તો ભાઈ લાકડા ના લાડુ છે..." (લાડુ ખાવા જતા બાપડાના દાંત હલી ગયા હોય છે...)

- જે કાન બંધ કરી આખો દિવસ છાપા માં મોંઢુ નાખીને બેસી રહે છે અને..હું...હાં....હંમ..એવા જવાબો આપતો હોય છે...

http://suratiundhiyu.wordpress.com/

- જે એક બુક સતત વાંચતો હોય છે અને નિ:સાસા નાખતો હોય છે એ છે ‘બેંકની પાસબુક’
- જે હંમેશા પોતાના ભવ્ય ભૂતકાળને વાગોળતો હોય છે અને પોતે કેવો પરાક્રમી હતો એની વાર્તા કરતો હોય છે...
- જે માથાના વાળ ગણતો ગણતો ઓળતો હોય કે પછી ઓળતો ઓળતો ગણતો હોય છે...
- જે સુંદરતાનો અતિ ચાહક હોય છે...ખાસ કરીને સ્ત્રીઓ પ્રત્યે પક્ષપાત હોય છે...એક સિવાય...

લેખક:અજ્ઞાત

## પત્ની સાથેનું ઘર્ષણ ટાળવાના 25 ઉપાયો

**1.** એ કારણ વગર 'ક્યુટ' બનવાની કોશિશ કરતીહોય ત્યારેસાવચેત રહેવું..!

**2.** તમારી પત્ની બન્ને હાથ કેડ પર મૂકીને અનિમેષ નયનેતમારી સામે જોઈ રહી હોય......ત્યારે બધુંજ સાચેસાચું કહીદેજો! એ સમય રોમાન્ટિક થવાનો નથી!

**3.** એ જો આંખો નચાવતા નચાવતા 'તુઝે ઝમીંપે બુલાયા ગયાહૈ મેરે લીયે...' ગાતી હોય તો એણે સોંપેલું કામ બમણા ઉત્સાહઅને સ્કૂર્તિથી કરવા માંડજો!

**4.** 'ઘરકામમાં મદદ'નો અર્થ સ્કૂલ અને લગ્નજીવનમાં જુદો જ થાય છે એ બને તેટલું ઝડપથી સમજીલો એટલું સારૂં! સ્કૂલમાં મદદ મળતી હતી, લગ્નજીવનમાં કરવાની હોય છે!

**5.** 'ચુપચાપ બેસો' આ વાક્ય તમને કે.જી.-નર્સરી બાદ છેક લગ્ન પછી સાંભળવા મળશે! આવું જ્યારે કહેવામાં આવે ત્યારે કોઈપણ દલીલ કર્યા વગર એ પ્રમાણે કરો!

**6.** એ તમારી પૂછપરછ કરે અથવા તમારી પાસબુક કે ડાયરી તપાસે તો બોચિયા સ્ટુડન્ટની જેમ 'લેસન' બતાવી દેજો!

**7.** 'જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે પત્ની' - આ નવી કહેવત યાદ રાખો! કોઈની પણ કલ્પના બહારનું તમારૂં બહાનું એ આસાની થી પકડી પાડશે, માટે સાચું જ બોલવાનો નિયમ રાખો!

**8.** 'એમને શક કરવાનો હક છે, એ મારા દિલની ધકધક છે' આ સુત્ર ગોખી નાખો. એના દરેક પ્રશ્નોનો વિગતવાર જવાબ આપો.એમાં પણ કાપલીબાજ વિદ્યાર્થીની જેમ પ્રશ્નના જવાબનીશરૂઆતના બે વાક્યોસવાલ સંબંધિત રાખીને પછીફિલ્મીગીતના શબ્દો ઠપકારશો તો પણ ચાલશે.

**9.** તમારા કાંસકામાંથી એના વાળનું ગૂંચળું નીકળે ત્યારે ગુસ્સેથવાને બદલે યાદ કરો કે તમે એક જમાનામાં એની ઝુલ્ફોનાઆશિક હતા અને એની ઝુલ્ફોની છાંવમાં સુવાના તમનેઅભરખા હતા!

http://suratiundhiyu.wordpress.com/

**10.** પત્ની સાથે શોપિંગ કરવા જાવ ત્યારે તમારું સંપૂર્ણ ધ્યાન શોપિંગમાં હોવું જોઈએ, સેલ્સ ગર્લ તરફ નહિ!

**11.** 'ઘેર ઝઘડો ન થાય એવા અઢીસો ભીંડા અને પાચસો ગ્રામફ્લાવર આપ' - આવી રીતે ઓર્ડર આપવાથી શાક સસ્તું અનેસારું મળશે, ઉપરાંત વીણવાની માથાકૂટમાંથી બચી જશો! શાકવાળો પરણેલો હશે તો થોડું શાક વધારે આપશે એ નફામાં!

**12.** એના ડાયેટીંગ પ્લાનની કદી મજાક ઉડાવશો નહિ. પછી ભલેએ પાંચમાંથી એક રોટલી ઘી વગરની ખાવી એને જ ડાયેટીંગ ગણતી હોય.

**13.** પત્ની કામમાં અતિશય વ્યસ્ત હોય અને તમે તદ્દન નવરાહોવ તો પણ નવરા દેખાતા નહિ. આમાં વધુ ચોખવટની અમનેજરૂર લગતી નથી!

**14.** એ જ્યારે તમે રખડતા મુકેલા મોબાઇલના ચાર્જર- કેબલ, છાપા, રીમોટ, કપડા, ગંદામોજા, હેંડ-કી, ટુવાલ વગેરેને ઠેકાણે મુકતી હોય ત્યારે એને તમારી કોઈ ખોવાયેલી વસ્તુ શોધી આપવાનું કહેશો નહિ!

**15.** થાળી પીરસવા માટે સીરીયલની વચ્ચે આવતા બ્રેકમાં જ વિનંતી કરો! દરમ્યાનમાં ટાઈમ પાસ કરવા સીરીયલોમાં રસ લેવાનું રાખો તો કંઈ ખોટું નથી. એકતા કપૂર એમાં ને એમાં જ બે પાંદડે થઇ છે!

**16.** ટી.વી. પર આવતા રસોઈ શોમાં જોયેલી કોઈપણ વાનગી બનાવવાની એને ફરજ પાડશો નહિ. અને ધારો કે એ કોઈ નવા જ પ્રકારની થાઈ, મેક્સિકન કે કોન્ટીનેન્ટલ વાનગી બનાવે તો એના શું વખાણ કરવાએ અગાઉથી વિચારી રાખો, કારણ કે વાનગી ખાધા પછી કંઈ સુઝશે નહિ!

**17.** પડોશીને ત્યાંથી આવેલી વાનગીને ભૂલે ચુકે વખાણશો નહિ!

**18.** કચરો વાળ્યા પછી સાવરણી કદી ઉભી મુકશો નહિ, એમ કરવાથી ઝઘડો થાય છે એવું કહેવાય છે. છેવટે 'સાવરણી ઉભી કેમ મૂકી' એ બાબતે પણ ઝઘડો થઇ શકે છે.

**19.** લગ્નજીવનમાં ત્યાગનું મહત્વ છે અને જે ગૃહત્યાગ કરી શકે એ સૌથી સુખી હોય છે. વિખવાદ ટાણે આ સુત્રનો ઉપયોગ કરીને સુખી થાવ. યુદ્ધમાં આને વ્યૂહાત્મક પીછેહઠ કહે છે!

**20.** વાદ-વિવાદના કિસ્સામાં જીતીને દુઃખી થવાને બદલે હારીને સુખી રહો એવું અનુભવીઓ કહે છે!

**21.** ઝઘડામાં અવાજની માત્રા મહત્વની છે, શબ્દો નહિ; તમારો અવાજ હંમેશા ધીમો રાખો.

http://suratiundhiyu.wordpress.com/

**22.** ઝઘડાનું એક કારણ તમારી જાતને નિર્દોષ સાબિતકરવાની તમારી વૃત્તિ હોય છે, જ્યારે સ્ત્રીઓ કુદરતી રીતેજનિર્દોષ હોય છે! અને આ વાત તમારા ભેજામાં ન ઉતરતી હોયતો તમે સુખી થઇ રહ્યા બોસ!

**23.** એમની અદાઓને વખાણતા રહેવી! આ વિષયે માથું ખંજવાળવાની ક્રિયાને પણ અદા જ ગણવી!

**24.** એમને ઈશ્કના સમંદરમાં ડૂબાડી રાખો! સહેજવાર પણ એમની મુંડી બહાર નીકળશે તો આખું અઠવાડિયું ઢેબરાં થાય એટલી મેથી મારશે!

**25** આ બધું કરવા છતાં પણ અમારે ઘરમાં ઝઘડા થાયછે અને પત્ની વાસણો પછાડે છે તો અમારે શું કરવું? એનો પણઉપાય પણ અમે શોધ્યો છે અને જાતે અજમાવી પણ જોયો છે!

**ઉપાય સાદો છે.**

પત્ની જ્યારે ગુસ્સામાં વાસણો પછાડતી હોયત્યારે તમે તમને આવડતા હોય એ શ્લોકો મોટા અવાજે બોલવાનું ચાલુ કરી દે જો! આથી પડોશીઓને લાગશે કે ઘરમાંઆરતી થાય છે! ઘરમાં કયા દેવની પૂજા થાય છે એ કોઈને કહેતા નહી.

## બસ હવે તો એક મહિનો...રીટાયર્ડ થવા માટે...પછી શાંતી!

બસ હવે તો એક મહિનો... છેલ્લો મહિનો...પછી પત્નીની....અનુરાધાની બધી ફરિયાદ દૂર થઈ જશે. પછી તો સમય જ સમય છે. હવે પત્નીના સાન્નિધ્યમાં રહેવા મળશે. સાચા અર્થમાં અમારું સહજીવન શરૂ થશે. જિંદગી માણવાની તક હવે જ મળી છે. અનુની બધી ફરિયાદ હવે દૂર થશે. આટલા વરસો કંપનીને આપ્યા. હવે મારા સમય પર અનુનો પૂરો અધિકાર છે. એની બિચારીની બધી ફરિયાદ સાચી છે. કાલથી જીવન બદલાશે...બધી ઘરેડમાંથી બહાર નીકળી જીવન શાંતિથી આરામથી વીતાવશું. બસ હવે તો મારી પાસે બધા માટે સમય જ છે. અને પછી તો....જિંદગી એક સફર હૈ સુહાના.....

ટાઈ બાંધતા બાંધતા યશવંતભાઇ ગણગણી રહ્યાં. ચહેરા પર સ્મિતની એક લહેરખી ફરી વળી. 58 વરસની ઉંમર થઇ હતી પણ લાગતા હતા 50 જેવા. બિલકુલ તંદુરસ્ત. આ તો કંપનીની વયમર્યાદાની પોલીસીને લીધે નિવૃત્તિ આવી પડે તેમ હતી. બાકી કામથી ક્યાં થાકયા હતા ? થાકવાની તો વાત જ ક્યાં હતી ? કામનો એક નશો હતો. સારી કંપનીમાં જનરલ મેનેજરની પ્રતિષ્ઠાભરી પદવી હતી. માન હતું, ઇજ્જત હતી, સત્તા હતી. જોકે તેમના વર્કોહોલિક સ્વભાવની

http://suratiundhiyu.wordpress.com/

પત્નીને હંમેશા ફરિયાદ રહેતી : 'તમે હંમેશા મોડા આવો છો. બસ કામ, કામ ને કામ. કોઈ દિવસ શાંતિથી સાથે બેસવા ન પામીએ. તમારી કંપની કયારેય મળે જ નહીં.' આ તેમની હંમેશની ફરિયાદ હતી. અને વાતે ય સાચી હતી. પોતે ઘરમાં કે પત્નીને પૂરતો સમય નથી આપી શકતા તેનો એહસાસ યશવંતભાઈને પણ હંમેશા રહેતો. પરંતુ કંપનીની જવાબદારીને લીધે ઘર કે પત્ની માટે ખાસ સમય ન ફાળવી શકતા.

પરંતુ હવે સંજોગો બદલાવાના હતા. હવે પોતે પત્નીની ફરિયાદ દૂર કરી શકશે. ઘરમાં પૂરેપૂરો સમય આપી શકાશે. નિરાંતે હીંચકા પર બેસીને છાપુ વાંચવાનું અને કડક, મીઠી ગરમાગરમ ચા.... વાહ.... મજા આવી જશે. ચા પીતા પીતા પત્ની સાથે દુનિયાભરના ગપ્પાં મારશે. પૌત્ર સાથે રોજ સાંજે બગીચામાં રમશે. બસ... હવે ઘણું કામ કર્યું....હવે જિંદગી માણવાની....એક એક પળ જીવવાની. બીજા કોઇ પ્રશ્નો હતા નહીં. ભર્યુંભાદર્યું ઘર હતું. પત્ની હતી, દીકરો-વહુ હતા અને મૂડીના વ્યાજ જેવો નાનકડો સાત વરસનો મીઠડો પૌત્ર હતો. હવે બધા સાથે મળીને કિલ્લોલ કરીશું. હવે તો બસ કુટુંબમેળાનાં કંકુછાંટણા.... યશવંતભાઇ મનોમન મલકાઇ રહ્યાં.

મૂઠીમાંથી સરતી રેતીની માફક સમય સરી રહ્યો. મહિનાને જતા શી વાર ? હંમેશા સમયની સાથે દોડતાં યશવંતભાઈને સમયની બ્રેક લાગી ગઈ. નોકરીનો છેલ્લો દિવસ. પાંત્રીસ વરસની ઉજ્જ્વળ કારકિર્દી પર પૂર્ણવિરામ. ઓફિસમાં ભવ્ય વિદાય સમારંભનું આયોજન... યશવંતભાઇના ગુણગાન ગાતા ભાષણો...સુંદર મજાની ભેટ.. થોડાં શરમાતા.... થોડા હસતાં.... યશવંતભાઇએ વિદાયની યાદગીરીરૂપે નમ્રતાથી ભેટ સ્વીકારી. બધાનો આભાર માન્યો. ફોટાઓ પડાવ્યા અને મીઠી સ્મૃતિઓ વાગોળતા એક ધન્યતા સાથે '**graceful exit**' કરી તેઓ ઘેર આવ્યા. હાશ... હવે શરૂ થયું નિવૃત્તિની.....
નિરાંતની....આરામદાયક પળો માણવાનું. રાત્રે વિદાય સમારંભની બધી વાતો ઘેર કરી. થોડું ગૌરવ અનુભવ્યું. હવે કાલથી નિરાંત... નો દોડાદોડી... પત્ની સાથે હળવી પળો માણીશું. એનો પણ મારી ઉપર કોઇ હક્ક તો ખરો ને ? બિચારી આટલા વરસોથી ફરિયાદ કરે છે. મારી પ્રતીક્ષા કરે છે. હવે તેની બધી ફરિયાદનો અંત. મીઠા શમણા સાથે યશવંતભાઈ ઊંઘની આગોશમાં....
સવારે રોજના સમયે જ ઊંઘ ઉડી ગઇ. તો પણ થોડીવાર એમ જ આળસમાં રજાઇ ઓઢી પડયાં રહ્યાં. ચાલવા કાલથી જશું. હજુ આજે તો પહેલો દિવસ છે. હવે તો રોજ રવિવાર જ છે ને ? યશવંતભાઇ નિરાંતે ઉઠયા. જો કે વચ્ચે પત્ની બે વાર ઉઠાડવા આવી ગઈ પણ પોતે જલદી મચક ન આપી. ઊઠી ફ્રેશ થઈ પત્નીને પણ પોતાની સાથે ચા પીવાની ઓફર મૂકી.

'અનુ, ચાલ... તારો ચાનો કપ પણ અહીં જ લેતી આવ. નિરાંતે હીંચકા પર બેસીને સાથે ચા પીશું.'
જાણે કોઈ વિચિત્ર વાત કહી હોય તેમ અનુ....અનુરાધા પતિ સામે જોઇ રહી.
'નિરાંત ? અત્યારે સવારના પહોરમાં ? કંઇ ભાન બાન છે કે નહીં ?' આવી ગાંડા જેવી વાતનો શું જવાબ આપવો ? યશવંતભાઈને કશું સમજાયું નહીં. પત્ની આમ કેમ પોતાની સામે જુએ છે ? પોતે સાથે ચા પીવાની એક સામાન્ય વાત કહી તેમાં આમ બાઘાની જેમ સામે શું જુએ છે ? તેમણે ફરીથી પોતાની વાત દોહરાવી. પત્નીએ રસોડામાં જતાં જતાં જ જવાબ આપ્યો :
'મેં તો કયારની પી લીધી છે. તમે પી લો. ત્યાં ટેબલ પર કપ મૂકયો છે.'
યશવંતભાઇને થયું પોતે મોડા ઉઠયા છે. બિચારી કયાં સુધી રાહ જુએ ? વાંધો નહીં. કાલે થોડો વહેલો ઊઠીશ. તેમણે હાથમાં પેપર લીધું. પેપર વાંચતા વાંચતા ચાની ચુસકીઓ ભરવાની મજા આવી. નિરાંતે વાંચવા જતાં હતા ત્યાં પત્નીનો અવાજ સંભળાયો : 'હવે તમે છાપું મૂકીને નાહવા જાવ તો સારું. નોકર ચાલ્યો જશે તો કપડાં રહી જશે. આમેય હવે તમારે કયાં ઓફિસે જવાનું છે ? છાપું તો પછી નિરાંતે વંચાશે.'
યશવંતભાઈને પરાણે ઊઠવું પડયું. મનમાં તો થયું કે આટલા વરસોથી તો વહેલો જ નહાતો હતો ને? હવે ઓફિસ નથી એટલે જ તો થાય છે કે બધું નિરાંતે કરીશું પણ...ખેર..... બાથરૂમમાં જતાં જતાં યશવંતભાઈ વિચારી રહ્યા. જલ્દી જલ્દી નાહીને ફરી છાપું હાથમાં લીધું.... ત્યાં ચા યાદ આવી ગઈ. વરસોની ટેવ હતી ને ટી-બ્રેકની... તેમણે પત્નીને એક કપ ચાની ફરમાઇશ કરી... પણ...ત્યાં તો.... 'હમણાં તો ચા પીધી હતી. ઘરમાં નવરા બેઠા બેઠા ચા જ પીધે રાખવાની છે કે બીજું કંઇ ?'
યશવંતભાઇ મૌન. ઓફિસમાં દર બે કલાકે આવતી ચાની ટેવ તેમને તડપાવી ગઈ. ત્યાં તો થોડું મોડું થતું તોયે પટાવાળાનું આવી બનતું અને આજે એક ચા માટે સાંભળવાનું ?.... તેમને જરા ઓછું તો આવી ગયું પણ પછી મનને મનાવ્યું કે અનુ એકલી બિચારી કેટલે પહોંચે ? વહુ નોકરી કરવા જાય એટલે બધી જવાબદારી પત્ની પર જ આવી છે ને ? હું રીટાયર્ડ થયો છું. તે થોડી થઈ છે ? મન મોટું રાખી તેમણે આશ્વાસન લીધું અને ફરી છાપામાં મન પરોવ્યું.
ત્યાં....
'ઘરમાં નવરા બેઠા છો.... તે બજારમાંથી જરા શાક લાવી આપોને. મારે એટલો ધક્કો ઓછો.'
'શાક ? શાક લેતા મને કયાં આવડે છે ? હું કયાં કયારેય શાક લેવા ગયો છું ?'
'કયારેય નથી ગયા તો હવે જાવ... હવે એટલી મદદની આશા તો હું રાખી શકું કે નહીં ?' પત્નીએ લીસ્ટ અને થેલી હાથમાં પકડાવી દીધા. યશવંતભાઈનું મોઢું થોડું કટાણું તો બની ગયું. પરંતુ પત્નીની વાત ખોટી તો નથી જ ને ? એટલી મદદ તો કરાવવી જ રહી. યશવંતભાઈ અનિચ્છાએ પણ અણગમતું કામ કરવા ઉપડયા. શાકમાર્કેટમાં જરાયે મજા ન આવી. કેટલી ગંદકી અને કેવો

http://suratiundhiyu.wordpress.com/

અસહ્ય કોલાહલ. રોજ તો આ સમયે એરકંડીશન્ડ ઓફિસમાં બેઠાં બેઠાં ચાની ચૂસકીઓ સાથે બિસ્કીટની મજા માણતા હોય. નાક આડે રૂમાલ રાખી માંડ માંડ જલ્દી જલ્દી લીસ્ટ પ્રમાણે શાક લઇને આવ્યા તો પત્નીને મોંઘુ લાગ્યું. ગુવાર જાડો ને ભીંડા 'ગલઢા' લાગ્યા. કાકડી કડવી નીકળી. એક ઘરરખ્ખુ ગૃહિણી બોલ્યા સિવાય કેમ રહી શકે ?

'જરા ચાખીને ન લેવાય ?'

'હું ત્યાં ચાખવા બેસું ? એવું બધું મને ન ફાવે....' તે બબડતા રહ્યાં. થોડીવાર ટીવી ચાલુ કરી રીમોટ હાથમાં લઇ ચેનલો ફેરવી જોઈ પણ ખાસ મજા ન આવી. ત્યાં તો પત્નીની જમવા આવવાની બૂમ આવી :

'હમણાં નહીં થોડીવાર પછી. હજુ તો ભૂખે ય નથી લાગી. નાસ્તો મોડો કર્યો હતો ને તે...'

'એટલે તો સવારે કહેતી'તી કે નાસ્તો વે'લો કરી લો..ઠીક હવે...આજે જે થયું તે....ચાલો, જે ભાવે તે જમી લો. કામવાળી આવે તે પહેલા વાસણ તો ખાલી કરી દેવા પડશે ને ? કાલથી નાસ્તો વહેલો જ પતાવી લેજો.' યશવંતભાઇ પરાણે જમવા બેઠા. ઓફિસમાં બધા તેમનો ટાઈમ સાચવતા. આજે તેમને કામવાળાના ટાઈમ સાચવવાના હતા.

જમીને આડા પડવાનો વિચાર કરતા હતા ત્યાં પત્નીનો અવાજ આવ્યો,

'જીતની બસનો આવવાનો ટાઇમ થઈ ગયો છે. તમે જરા નાકા ઉપર જઈને તેડી આવોને. રોજ તો હું જતી હતી. હવે તમે આમેય નવરા છો તો તમે જઈ આવો. આમાં તો યશવંતભાઇથી ના પડાય કે દલીલ કરાય તેવું કયાં હતું ? યશવંતભાઈ સાત વરસના પૌત્રને લેવા તડકામાં નીકળ્યા. ઓફિસની એ.સી. કેબિનની યાદ અનાયાસે જ આવી ગઈ. પૌત્રને લઈને હાંફતા હાંફતા આવ્યા ત્યારે યશવંતભાઇ પરસેવાથી રેબઝેબ..... બાપ રે ! કેટલો તાપ પડે છે ?

એ.સી.નું વહેલી તકે કંઈક કરવું પડશે... આજ સુધી સાલી ખબર જ ન પડી. હવે ઊંઘ આવે તેમ નહોતું. તેથી છાપું શોધવા લાગ્યા. હમણાં તો અહીં રાખીને ગયા હતા. પૂછપરછ કરતાં ખબર પડી કે એ તો કામવાળીએ બધું સરખું કરીને 'જગ્યાએ' રાખી દીધું હતું. યશવંતભાઈની જગ્યા કઇ હતી....તે કદાચ હજુ કોઈને ખબર નહોતી. નહીંતર કદાચ તેમને પણ જગ્યાએ ગોઠવી દીધા હોત. તેમણે પત્નીને કહ્યું,

'હજું તો મેં વાંચ્યું પણ નહોતું...'

'મને એમ કે આજે તો સવારથી તમે સાવ નવરા છો....તો વાંચી જ લીધું હશે ને?' પત્નીનો જવાબ સાંભળી યશવંતભાઈ પોતાની નવરાશ વિચારતા રહી ગયા. પહેલે જ દિવસે બોલવું સારું નહીં... તે મૌન જ રહ્યા. પરંતુ મન અને મોં બંને કટાણા થઈ ગયા. થોડીવાર પરાણે આડા પડયાં. પડખા ફેરવ્યાં. પરંતુ ઊંઘ ન આવી. સામે ઘડિયાળમાં નજર કરી તો ચાર વાગી ગયા હતા. ત્રણ વાગે તો

http://suratundhiyu.wordpress.com/

ચાનો ટાઈમ હતો. તેમણે પત્નીને બૂમ પાડી. પણ કંઇ જવાબ ન મળ્યો. ઊભા થઇને જોયું તો નોકર કચરો કાઢતો હતો. પૂછતાં તેણે કહ્યું કે બેન તો બાબાને ટયુશનમાં મૂકવા ગયા છે. કયારે આવશે ? એવા પ્રશ્નનો કોઇ અર્થ નહોતો. જવાબ કોણ આપે ? નોકર જરા વારમાં પોતાનું કામ કરી જતો રહ્યો. થોડીવાર રાહ જોઈ પણ પત્ની ન આવી. ચાની તલપ લાગી હતી. હવે ? ચાલ, જીવ, સવારથી નવરો જ છું ને ? આપ મૂઆ વિના સ્વર્ગે થોડું જવાશે ?

'જાત મહેનત ઝિંદાબાદ' કરી તે રસોડામાં ગયા. ફ્રીઝમાંથી ખાંખાંખોળા કરી દૂધની તપેલી લેવા ગયા ત્યાં આગળ રહેલ દહીંને ખોટું લાગ્યું હોય તેમ દહીંની વાટકી આગળ ધસી આવી અને જાતે ઢોળાઈ ગઈ. યશવંતભાઇ હાથમાં દૂધની તપેલી લઈ નીચે ઢોળાયેલ દહીં સામે કરૂણાભરી નજરે જોઇ રહ્યા. નોકર પણ ચાલ્યો ગયો હતો. હવે દહીં સાફ કરવા કપડું શોધવાની કવાયત ચાલી. અંતે કંઈક નેપકીન જેવું હાથ લાગ્યું ખરૂં. માંડમાંડ બધું સાફ કર્યું. હાથ ગંદા થઈ ગયા હતા. દહીંવાળા કપડાનો એક તરફ ઘા કરી તેમણે રસોડામાં ચા-ખાંડના ડબ્બા શોધવાની પ્રક્રિયા ચાલુ કરી. પણ એ કામ કંઈ ધાર્યું હતું તેટલું સહેલું ન નીકળ્યું. બે ચાર ડબ્બા ખોલ્યા... અંદરથી જાતજાતની અપરિચિત વસ્તુઓએ ડોકિયા કર્યા. ડબ્બા ઉપર ચિઠ્ઠી ચોંટાડતા શું થાય છે ? આટલા ડબ્બાઓની વણઝારમાંથી કયા ડબ્બામાં ચા-ખાંડ છૂપાઈને બેઠા હશે ? રસોડાનું 'આઇ.એસ.ઓ.' કરાવવું જોઇએ.... યશવંતભાઇ એકલા એકલા બબડી રહ્યા. અંતે ચા-ખાંડના ડબ્બા મળતાં યશવંતભાઈ વિજયીની અદાથી તેની સામે જોઇ રહ્યા. કેવા પકડી પાડ્યા ! પરંતુ પછી ચાનો મસાલો શોધવાની હિંમત તો ન જ ચાલી. પરંતુ નસીબ સારા હતા. ગેસનું લાઇટર શોધવામાં તકલીફ ન પડી. દીવાલ પર લટકતું લાઇટર સામે દેખાઈ જતા યશવંતભાઈ ખુશખુશાલ બની ગયા.
લાઈટર હાથમાં લઈ ગેસ ચાલુ કરતા ગયાં પણ લાઈટરે મચક ન આપી. ચાલુ થાય એ બીજા... એમ કોઈ પણ આવીને પોતાનો ઉપયોગ કરી લે એ અનધિકાર ચેષ્ટા તેનાથી સહન ન થઈ અને રિસાઇને બેસી ગયું. યશવંતભાઈ દયામણી નજરે લાઈટર સામે જોઇ રહ્યાં. હવે માચીસ કયાં શોધવી ? છેલ્લીવાર પ્રયત્ન કરવા ગયા ત્યાં એક ભડકો....અને ગેસ ચાલુ... ગેસ ઉપર પાણી ઉકળવા મૂકી ઉકળે ત્યાં સુધીમાં ગરણી અને સાણસી શોધવાનું અભિયાન ચાલુ થયું. એક કામની પ્રતીક્ષા કરતાં ઊભુ થોડું રહેવાય ? ચા ઉકળે ત્યાં સુધીમાં ગરણી શોધતા યશવંતભાઇના ફળદ્રુપ ભેજામાં સમય બચાવવાના અનેક ઉપાયો ઉભરાતા રહ્યા. ટાઇમ મેનેજમેન્ટ એટલે શું ? તેની આ બૈરાઓને સમજ જ ન પડે. તેથી જ તેમનો આટલો બધો સમય રસોઈ જેવા નાનકડા કામમાં જાય છે અને આખો દિવસ રસોડામાં ગોંધાઈ રહેવું પડે છે. કાલથી અનુને બધું વ્યવસ્થિત કરી આપશે. બધા ઉપર લેબલ લગાડી સમય કેમ બચાવવો એ શીખડાવશે. વિચાર કરતાં કરતાં યશવંતભાઇ

http://suratiundhiyu.wordpress.com/

ગરણી શોધતા રહ્યા. પરંતુ ગરણી શોધવામાં એટલી બધી વાર લાગી કે ચાને ખરાબ લાગી ગયું અને અડધી ચા ઉભરાઇ ગઈ. યશવંતભાઇ કરૂણાભરી નજરે ઉભરાયેલી ચા સામે જોઇ રહ્યા. ડરતાં ડરતાં તપેલીમાં નજર કરી.. કશું બચ્યું છે ખરું ? સદનસીબે થોડી ચા બચી હતી ખરી. હાશ.... કરી ઝડપથી બચેલી ચા ગાળવા ગયા. પરંતુ સાણસી પકડતા ફાવ્યું નહીં. વળી અડધાની બીજી અડધી ચાએ નીચે જમીન તરફ પ્રયાણ કર્યું. અંતે બચી-ખૂચી ચા ગાળી, કપ હાથમાં લઈ નવરા બની ગયેલ યશવંતભાઇ ચા પીવા બેઠા. ત્યાં....ધડાધડ બારણે બેલ...

જાણે ધરતીકંપ આવ્યો. અત્યારે વળી કોણ ? શાંતિથી એક ચા પણ પીવા નથી મળતી. રાતાપીળા થતાં યશવંતભાઈએ બારણુ ખોલ્યું. 'કોણ છો ભાઈ, આવો. શું કામ છે ?'

'ધોબી છું.... આ કપડાં ગણી લો અને બીજા આપવાના છે ?' માથુ ખંજવાળતાં યશવંતભાઇને સમજ ન પડી. ધોબીને શેઠની દયા આવી ગઈ.

'ઠીક છે... કાલે બેનને પૂછી જઈશ. તમને નહીં સમજાય. લો...આ કપડાં મૂકી દો....' ધોબીએ કદાચ આવા કંઇક યશવંતભાઇઓ જોઈ નાખ્યા હતા. 'આ બધા કપડાં અમારા છે ?'

'ના..ના...બીજાના તમને દાન આપી જાઉં છું....' ધોબીના ન બોલાયેલા શબ્દો યશવંતભાઇને સંભળાયા. તેમણે કપડાં લીધાં. બારણું જોશથી બંધ કરી ધોબી ગયો.

ઠંડી થઈ ગયેલ ચા પીવી કે નહીં એ યશવંતભાઇને સમજાયું નહીં. આમ પણ ચા તો નામની જ બચી હતી. છતાં પીવા બેઠા તો ખરા. એક ઘૂંટડો ભર્યો... કંઈ મજા ન આવી. ત્યાં ફરીથી બેલ વાગી. તેમનો ચહેરો દયામણો બની ગયો. વળી કોણ હશે ? આ તે ઘર છે કે ? બારણા ખોલવા કોઈ પટાવાળો રાખવો જોઇએ... એમ વિચારતા યશવંતભાઇ ઉભા થયા. દરવાજો ખોલ્યો... પત્નીને જોઇ થોડી હાશ થઇ. ત્યાં પત્ની તરફથી ઉલટતપાસ આવી.

'એક દરવાજો ખોલતા આટલી વાર ?'

'મને એમ કે કોણ હશે ?'

'પણ તને આટલી વાર કયાં લાગી ?' પત્નીનો ઠાવકો જવાબ...

'આજે તમે ઘેર જ હતાં તો થયું કે જીતને ટયુશનમાં મૂકવા જાઉં છું તો ભેગા ભેગા મીનાબેનને ઘેર પણ જઈ જ આવું. કેટલા દિવસથી ખબર કાઢવા જવાતું નહોતું.' પછી ત્યાં પડેલ પોટલા સામે નજર જોતાં પૂછયું, 'ધોબી આવી ગયો ? કેટલા કપડાં આપી ગયો ?'

'તેં આપ્યા હશે એટલાં જ આપી ગયો હશે ને ? કંઈ કોઇના લઈને વધારે ન આપી જાય. એટલી સમજ પડવી જોઇએ.' યશવંતભાઇએ સ્મિત કરતાં સ્માર્ટ જવાબ આપ્યો.

'વધારે ન આપી જાય...પણ ઓછા જરૂર આપી જાય..ગણીને લેવા જોઇએ.' સામો ફટકો આવ્યો, 'અને એના ગોટાળાની તમને હજુ ખબર નથી. ખેર ! હવેથી જરા ધ્યાન રાખજો'

http://suratiundhiyu.wordpress.com/

'હવેથી..?' યશવંતભાઈ ચોંકી ગયા પણ બોલ્યા વિના ચૂપચાપ સાંભળી રહ્યાં. ઓફિસમાં પોતે ખીજાતા હતા ત્યારે નીચેના માણસો કેવા ચૂપચાપ સાંભળી લેતા હતા. આજે પોતે અહીં બોસ થોડા હતા ? ઓફિસમાં ભલેને હોશિયાર ગણાતા હોય અહીં સાવ 'ઘોઘા' હતાં.

અનુરાધાબેન હવે રસોડામાં ગયા. અંદર જતાંવેત જ જાણે સાપ જોયો હોય તેમ બૂમ આવી.

'આટલીવારમાં આ શું રમખાણ કરી નાખ્યું છે ?'

'જરા ચા ઉભરાઇ ગઇ હતી.' આરોપીએ ધીમેથી જવાબ આપ્યો.

'અરે, એક જરાવાર રાહ ન'તી જોવાતી ? હું આવીને ચા ન કરી દેત ? મારું કેટલું કામ વધારી દીધું ? અને આ શું દહીં ઢોળ્યું છે કે શું ? હે ભગવાન.. કંઈ આવડે નહીં તો કરતા ન હોય તો..' બધું સાફ કરતાં અનુબેન પાસેથી અત્યારે દૂર ખસી જવામાં જ સલામતી છે એટલું ન સમજે એવા કંઈ યશવંતભાઇ મૂર્ખ થોડા હતા ? 'પોતાને કંઇ નથી આવડતું'નું સર્ટીફિકેટ લઈ યશવંતભાઇ બેઠાં રહ્યાં. સાંજે થોડું ચાલવા જવાનું મન થયું. પણ એકલાં એકલાં કેમ મજા આવે ? અને કોઈ મિત્રો બનાવવાનો તો સમય જ ક્યાં મળ્યો હતો ? પત્નીને કહી જોયું. પણ તે થાકી હતી. માંડ થોડીવાર નિરાંત મળી છે. હમણાં પાછી બીજી શીફટ ચાલુ થશે. તેની પાસે સમય જ કયાં હતો ? છતાં એકલા તૈયાર થયા.. ચાલ, થોડો બહાર આંટો મારું. જરા સારું લાગશે. ત્યાં.....પૌત્ર તેની મમ્મી સાથે ટયુશનમાંથી આવી ગયો હતો. તે દાદાજી પાસે આવ્યો.

'દાદાજી, મમ્મી કહે છે આજથી તમે મને હોમવર્ક કરાવશો.' પૂત્રવધૂએ આવીને શું કરાવવાનું છે.... કેમ કરાવવાનું છે તે બધું દાદાજીને વિગતવાર સમજાવ્યું.

'પપ્પાજી, હવે તમે ફ્રી છો તો હવેથી જીતને રોજ તમે જ લેશન કરાવજો. જેથી હું પણ થોડી ફ્રી થઈ શકું અને મમ્મીને મદદ કરાવી શકું. આજથી જીત તમારી જવાબદારી.' નવરા દાદાજી શું બોલે? ચૂપચાપ પૌત્રને લેશન કરાવવા બેસી ગયા. પણ ફાવ્યું નહીં. આવડતું તો બધું હતું પણ...શીખડાવતા ન ફાવ્યું.

નાનકડા જીતને શીખવવામાં જે ધીરજ કે સંયમ જોઇએ તે પોતામાં કયાં હતાં ? જરા મોટેથી કહેવાઇ ગયું. જીતે લેશન અને દાદાજી બંનેનો બહિષ્કાર કરી દીધો : 'દાદાજી પાસે લેશન નથી કરવું... ખીજાય છે.' કહી તેણે ભેંકડો તાણ્યો.... યશવંતભાઇ ખિસિયાણા પડી ગયાં. નિષ્ફળ દાદાજીને પણ મોટેથી ભેંકડો તાણવાનું મન થઈ ગયું. પણ શું કરે ? પોતે તો મોટા હતા. દીપાલી અંદરથી દોડી આવી અને જીતને લઈ ગઈ. મોઢેથી તો કશું ન બોલી પણ યશવંતભાઇની સામે જોતી જોતી જીતનો હાથ પકડી અંદર લઈ ગઈ.

'નવરા છો તો આટલું યે ન કરી શકયા ? નાનકડા પૌત્રને યે ને સમજાવી શકયા ?' તેની આંખમાં રહેલી ફરિયાદ, ઠપકો નિષ્ફળ દાદાજી મૌન બનીને દયામણે ચહેરે સાંભળી રહ્યા.

http://suratiundhiyu.wordpress.com/

રાત્રે જમવાનો સમય થતાં ચૂપચાપ પરાણે જમી લીધું. નવરા થઈને પોતે કંઈક ગુનો કરી નાખ્યો હોય કે પોતે નકામા થઇ ગયા હોય તેવો અહેસાસ મનમાં જાગ્યો. જમીને દીકરો વહુ તેના રૂમમાં ગયા. સવારે બંનેને નોકરીએ જવાનું હતું... વહેલા ઉઠવાનું હતું. તેથી જલ્દી જલ્દી સૂવા ગયા. પત્ની જરાકવાર તેની મનપસંદ સિરીયલ જોતી હતી.
સાવ નવરા પડેલ યશવંતભાઈને ખબર ન પડી કે તે શું કરે ?
રિટાયર્ડ થયાના ચોવીસ કલાક પૂરા થયા !!

## સમય સમયે હસતા રહેવું કોઈ પણ ઉંમરે ફાયદાકારક છે !!!

વધેલા શરીરવાળા ગુજરાતીઓ માટે કસરત એટલે જમ્યા પછી પાનના ગલ્લા સુધી ચાલતાં જવું તે.

મોઢામાં પાન કે મસાલો દબાવી કલાકો સુધી વિષયવિહીન ચર્ચાઓ કરવામાં ગુજરાતીઓની માસ્ટરી છે.

પાનના ગલ્લા અને ચાની કીટલીઓ એ ગુજરાતીઓ માટે વૈચારિક આદાન-પ્રદાન માટેના આદર્શ સ્થાનકો છે. સાચો સમાજવાદ આ બે જગ્યાઓએ જ જોવા મળે છે. અહીંયા ગાડી, સ્કૂટરવાળા સાથે જ મજૂર પણ ઊભો રહી ચા પીતો હોય છે. (આ વાત પર બે કટિંગ ચા થઈ જાય, હોં ભઈ!)

દરેક ગુજરાતી મા-બાપને તેમના સંતાનોને ડોક્ટર, એન્જિનિયર કે સી.એ. બનાવવામાં જ રસ હોય છે. સંતાનોની કરિયર મા-બાપ જ નક્કી કરે છે. કોઈ ગુજરાતી મા-બાપને એવું કહેતા સાંભળ્યા નથી કે 'મારે મારા દીકરાને કલાકાર બનાવવો છે, મારે મારી દીકરીને ચિત્રકાર બનાવવી છે, મારો દીકરો ફોજમાં જશે, મારી દીકરીને એથ્લિટ બનાવવી છે, મારા દીકરાને ફેલ્પ્સ જેવો તરવૈયો બનાવવો છે.' (નાટક-ચેટક, કવિતા, સાહિત્ય-લેખનના રવાડે ચઢેલા છોકરાંવને તો આઉટલાઈનના કહેવાય છે, હોં ભઈ !)

http://suratiundhiyu.wordpress.com/

રૂપિયા કમાવા સિવાય બીજો કોઈ પણ શોખ ન ધરાવતા ગુજરાતીઓનો એક શોખ ખૂબ જાણીતો છે રજાઓમાં ફરવા જવાનો અને તે પણ સાથે ખૂબ બધા નાસ્તા લઈને. જ્યારે અને જ્યાં પણ ફરવા જઈએ ત્યારે ડબ્બાઓના ડબ્બા ભરીને સેવમમરા,ઢેબરાં,ગાંઠિયાં, પૂરીઓ, અથાણાં સાથે લઈને નીકળીએ છીએ. ઘર બદલ્યું હોય એટલો બધો સામાન લઈ ટ્રેનમાં ખડકાઈએ છીએ અને ટ્રેન ઉપડે કે પંદર જ મિનિટમાં રાડારાડી કરતાં નાસ્તાઓ ઝાપટવા મંડીએ છીએ અને ઢોળવા મંડીએ છીએ. ગુજરાતીઓના ફરવાના શોખના કારણે પરદેશની ટૂરમાં ગુજરાતી થાળી મળતી થઈ ગઈ છે. જો ગુજરાતીઓ ફરવાનું બંધ કરી દે તો બધી જ ટ્રાવેલ્સ એજન્સીઓ અને પેકેજ ટૂર, કપલ ટૂરવાળાઓનું ઉઠમણું થઈ જાય. (આપણે ફરવાની સાથે ફરવાની સલાહ આપવાના પણ શોખીન છીએ. નવસારી સુધી પણ નહીં ગયેલો માણસ નૈનિતાલ કેવી રીતે જવું તેની સલાહ આપી શકે,હોં ભઈ!)

ગુજરાતીઓના લેટેસ્ટ બે શોખ. એક - ટુ વ્હીલર અને બીજો - મોબાઈલ. જગતમાં સૌથી વધારે ટુ વ્હીલર ગુજરાતમાં ફરે છે. આપણું ચાલે એક રૂમમાંથી બીજા રૂમમાં જવા માટે પણ ટુ-વ્હીલર વાપરીએ. પહેલાના જમાનામાં એવું કહેવાતું તું કે 'દેવું કરીને પણ ઘી પીવું.' હવે એવું કહેવાય છે કે 'દેવું કરીને પણ બાઈક લેવું.' ગુજરાતીઓના 'દિલની સૌથી નજીક' જો કોઈ હોય તો તે છે મોબાઈલ (કેમકે આપણે મોબાઈલને હંમેશાં શર્ટના ઉપલાં ખિસ્સામાં જ રાખીએ છીએ.) જાત-જાતના મોબાઈલ, ભાતભાતની રિંગટોનનો આપણને જબરજસ્ત ક્રેઝ છે. મોબાઈલની સૌથી વધુ સ્કિમ આપણા ગુજરાતમાં જ છે અને તેનો સૌથી વધુ લાભ પણ ગુજરાતીઓ ઉઠાવે છે. જો સ્કિમમાં 'ફ્રી' લખ્યું તો તો 'ખ...લ્લા...સ'. રાત્રે દસથી સવારે છ, 'મોબાઈલથી મોબાઈલ ફ્રી' એવી સ્કિમ જાહેર થાય એટલે ગુજરાતીઓ મચી જ પડે.. બાજુ-બાજુમાં બેઠા હોય તો પણ મોબાઈલથી મોબાઈલ વાતો કરે ! (હે...લો..., અને જ્યારે બિલ આવે ત્યારે કંપનીવાળા જોડે સૌથી વધુ બબાલ પણ આપણે જ કરીએ છીએ, હોં ભઈ !)

ગુજરાતીઓની સ્વભાવગત ખાસિયત પણ અનોખી છે. આપણે એવર ઓપ્ટિમિસ્ટ એટલે કે સદાય આશાવાદી માણસો છીએ. શેરબજાર ક...ડ...ડ...ડ...ભૂ...સ...કરતું તૂટે તો પણ આપણે આશા રાખીએ છીએ કે 'કશો વાંધો નહીં, કાલે બજાર ઉપર આવી જ જશે.' આ સાથે આપણે ગુજરાતીઓ એટલા જ ખમીરવંતા પણ છીએ. ભૂકંપ આવે, પૂર આવે કે બોમ્બ બ્લાસ્ટ થાય, આપણે ત્યાં બીજા દિવસથી તો બધું રાબેતા મુજબ....

http://suratiundhiyu.wordpress.com/

ગુજરાતીઓની એક સૌથી મોટી ખાસિયત, ખૂબી, વિશેષતા, વિલક્ષણતા એ છે કે આપણે ગુજરાતીઓ ક્યારેય પણ કોઈનાથી ઈમ્પ્રેસ થતા નથી. સાદા શબ્દોમાં કહીએ તો આપણે ક્યારેય કોઈથી ધીસ ખાતા નથી. ગમે તેવો મોટો ચમરબંધી હોય પણ આપણે તેનાથી અંજાઈ જતા થી. 'એ લાટસા'બ હોય તો એના ઘેર, મારે શું ?' આવી તાસીર જ આપણને 'જીદ કરી દુનિયા બદલવાની' શક્તિ આપે છે અને તેના લીધે જ ગુજરાતની ધરતી પર ગાંધીજી, સરદાર અને ધીરુભાઈ જેવી હસ્તીઓ પાકી છે. (શું કહો છો, બરાબરને ભઈ?)

હાચુ કઉં તો મને તો એક ગુજરાતી હોવાનો બહું ગર્વ છે, તમને છે? જો હા તો, એક સાચા ગુજરાતી તરીકે તમે પણ આપણી આ 'ગુજરાતી ગૌરવ ગાથા' ને આગળ ધપાવો.

## સ્ત્રી ને સમજવા પુરુષોએ શું કરવું.?

(એક કાલ્પનિક કથા)
પતિ અને પત્ની ....શબ્દ કેવી રીતે બન્યા હશે ? પતિ શબ્દ બોલવા માં અને સમજવા માં સરળ છે જયારે પત્ની શબ્દ બોલવા માં અઘરો અને સમજવા માં તેથી પણ અઘરો છે .'પતિ' શબ્દ માં ના ત્ ને અધમુઓ કરી પાછળ ની લગાવો એટલે પત્ની શબ્દ બને ..!. પણ સ્ત્રી શબ્દ તો બોલવા ,સમજવા માં એથી પણ અઘરો છે. ગામડાના લોકો 'અસ્ત્રી' બોલે છે ..

આ સ્ત્રી ને કેવી રીતે સમજવી? એ એક મોટો વણઉકેલ્યો કોયડો છે.... વ્યવહારીક રીતે તેમજ પુસ્તકો વાંચવાથી અમને ખબર ન પડી એટલે થયું ચાલો સીધા ભગવાન ને જ પૂછીએ ....સૌથી વધુ અનુભવી એવા કૃષ્ણ ભગવાન પાસે અમે ગયા ... અમે:    હે પ્રભો ..! આ સ્ત્રી ને સમજવા અમારે પુરુષોએ શું કરવું.? શ્રીકૃષ્ણ ઉવાચ : વત્સ .! આ સ્ત્રી ને સમજવા જ મારા પાર આવતી દરેક એપ્લીકેશન હું   સ્વીકારતો એટલે જ ૧૬૧૦૮ રાણીઓ હતી ને ! તોય હું બરાબર સમજી શક્યો નથી પણ હે વત્સ તું "ફળની આશા વગર કર્મ કરે જા " મને સ્ત્રીઓ ને સમજવા કરતા વાંસળી વગાડવાનું વધુ ગમશે !...........એટલે આ બાબત સમજવા માટે અમે વિષ્ણુ ભગવાન પાસે ગયા. વિષ્ણુ ભગવાન :જુઓ પ્રિય વત્સ " આ વિષય બહુ ગહન છે હું પણ હજુ સુધી સમજી શક્યો નથી હા ,એટલી મને ખબર છે કે લોકો મારા કરતા લક્ષ્મીજીને વધુ યાદ કરે છે અને પૂજા અર્ચના એમની જ  વધુ કરે છે...અમે રહ્યાં સરસ્વતી ના આરાધક એટલે લક્ષ્મીજી અમને ભાવ ન આપે એમ

http://suratiundhiyu.wordpress.com/

વિચાર્યું .. હવે થયું કે ચાલો આપણા પ્રિય એવા શંકરદાદા ને પૂછીએ ... શંકર ભગવાન:..હે ભોળાનાથ..આપ તો જાનીજાનનહાર છો આપ બતાઓ આ સ્ત્રીઓ ને સમજવી કેવી રીતે ..? શંકરદાદા : હે ભક્ત ...જો મને જ આની ખબર હોત તો હું હિમાલય જઈને શા માટે બેઠો હોત ..? ઓહો ..હવે ક્યાં જવું.? હા..બ્રહ્માજીને ખબર હશે ..એમણે સુષ્ટિનું નિર્માણ કર્યું છે ... " હે પ્રભો તમેજ સ્ત્રી,પુરુષ અને સમગ્ર જગત નું નિર્માણ કર્યું છે આ સ્ત્રીને સમજવાનો ઉપાય બતાવો . બ્રહ્માજી : હે વત્સ ! મારું કામ સર્જન કરવાનું ...મારા સર્જનને તો તમારે જાતેજ સમજવું પડે...! હું એમાં મદદરૂપ ન થઇ શકું. અમે બહુ નિરાશ થઇ ગયા ..હવે કોની પાસે જવું ? અચાનક અમને 'ગુગલ મહારાજ 'યાદ આવી ગયા . બધા સવાલો ના જવાબ ગુગલ માં સર્ચ કરવાથી મળે છે .એટલે અમે ગુગલ માં **'woman'** શબ્દ ટાઇપ કરી સર્ચ બટન દાબ્યું .. એટલે ગુગલ મહારાજે ઇન્ટરનેટની ૮૦ % સાઈટ ઓપન કરી દીધી જેમાં સ્ત્રી ને લગતા ફોટા ,વિડીયો,બુક્સ ,ગેમ્સ અને ભળતી સળતી વેબસાઈટ હતી....પણ અમારે જોઈતું હતું તે આ નહોતું ...અમારે તો એમ પૂછવું હતું કે 'સ્ત્રી ને સમજવી કેવી રીતે '?... એટલે મેં ટાઈપ કર્યું **'how to understand woman?**

એટલે શરૂઆત માં તો ત્રણ વાર કમપ્યુંટર **hang** થઇ ગયું ....**CPU** એકદમ ગરમ થઇ ગયું, મોનીટર ના સ્ક્રીન પર લીટાઓ અને ચકરડા આવવા લાગ્યા અને મેસેજ આવ્યો .." અમે વર્ષો થી જવાબ શોધી રહ્યા છીએ ....:((((" તમને ખબર પડે તો અર્જેન્ટલી કહેવા મહેરબાની કરશો !

## ગુજરાતી અને ચિત્રગુપ્ત

ગુજરાતીઓને પણ હવે બહારના દેશના લોકો સારી પેઠે સમજી ગયા છે.પૂર્વ આફ્રિકામાં તેઓ 'દુકાવાલા' તારીખે જાણીતા થયા અને હવે પશ્ચિમમાં પણ 'કોર્નર શોપ'ના અને 'મોટલ વાળા' તારીખે નામ કાઢ્યું!! આટલી આટલી કમાણી કરીને મંદિરોજ બાંધે છે અને મર્યા પછી બીજાના સ્મશાનમાં અગ્નિદાહ દેવાય છે પણ કોઈ શેઠિયો કે શાહુકાર સ્મશાન બાંધી દેવાની બાહેંધરી આપતો નથી!! આ છે ગુજરાતીઓનું માપ!!

એક ગુજરાતી ગુજરી ગયો. યમનાં દૂત પોતાના ખાસ વિમાનમાં આવીને જીવ લઇ ગયા.

જન્મનાં સાઇઠ વરસ બાદ છેક મૃત્યુ પછી હવાઇ સફરનો લાભ મેળવવામાં સફળ થયેલો ગુજરાતી ચિત્રગુપ્તની ઓફિસમાં રજૂ થયો. મેં સાંભળ્યું છે કે હવે ઉપર પણ બધો વહીવટ

http://suratiundhiyu.wordpress.com/

કમ્પ્યુટરાઇઝ્ડ થઇ ગયો છે અને ચિત્રગુપ્ત હવે દર દિવાળીએ ચોપડાને બદલે કમ્પ્યુટર ઉપર ચાંદલા કરે છે.

ચિત્રગુપ્તે ગુજરાતીનું ગુપ્ત ચિત્ર જોવાં માટે કમ્પ્યુટર ઓન કર્યું.

પ્રથમ ગુજરાતીનાં પુણ્યની એન્ટ્રી તપાસીને કહ્યું કે તમે તો ઘણાં પુણ્ય કર્યાં છે. આ સાંભળી હરખાઇ ગયેલો ગુજરાતી બોલ્યો કે ચિત્રગુપ્તભાઇ, પુણ્ય તો કરવા જ પડે ને ? અમે ગુજરાતીઓ દરરોજ કરતાં વધારે જમીને ઉપવાસ કરીએ છીએ. ત્રણ ટંક જેટલું એક જ ટંકમાં આરોગીને એકટાણાં કરીએ છીએ. વ્યથાની વાતા કરતાં-કરતાં કથા સાંભળીએ છીએ અને વરસમાં એકાદ વખત હનીમૂન કરવા નીકળ્યાં હોય એ રીતે તીર્થયાત્રા પણ કરીએ છીએ.

ત્યાર બાદ ચિત્રગુપ્તે ગુજરાતીનાં પાપની એન્ટ્રીઓ ચેક કરીને કહ્યું કે તમે પાપ કરવામાં પણ પાછું વળીને જોયું નથી. આ સાંભળીને થોથવાઇ ગયેલો ગુજરાતી બોલ્યો કે અમને જન્મથી જ ડરાવવામાં આવે છે કે જો પાપ કરશો તો નર્કમાં જશો એટલે અમે જાણીબૂઝીને ક્યારેય પાપ કરતા જ નથી. હું એમ કહેતો નથી કે તમે ખોટું બોલો છો, મારાથી જે કાંઇ પાપ થઇ ગયા છે એ ભૂલથી થયા હશે.

એટલે ચિત્રગુપ્ત બોલ્યા કે તમે ગુજરાતીઓ એક્સક્યુઝ શોધવામાં એક્સપર્ટ છો. મને બરાબર ખબર છે કે તમે પાણી ઉકાળીને પીઓ છો અને લોહી જેમનું તેમ પીઓ છો. આખો દિવસ અહિંસાને ધર્મ માનીને જીવો છો અને રાત્રે ઘરમાં હોય એટલા મચ્છર મારીને ઘસઘસાટ ઊંઘી જાઓ છો. ચંદ્રકાંત બક્ષી નામનાં એક લેખક અહીં આવ્યા ત્યારે મને કહેતા હતા કે ગુજરાતી પુરુષો ઓફિસમાં સેક્સની વાતો કરે છે અને બેડરૂમમાં ટેક્સની વાતો કરે છે. ગુજરાતી એવી વેપારી પ્રજા છે કે એને નામાનાં ચોપડામાં રસ છે એટલો સાહિત્યની ચોપડીમાં રસ નથી.

આ સાંભળી ગુજરાતી બોલ્યો કે રૂપિયા એટલે લક્ષ્મી અને લક્ષ્મી એટલે માતાજી, લક્ષ્મીજી પ્રત્યેના અમારા અહોભાવને અમારો સદગુણ ગણવો જોઇએ. આ સદગુણના કારણે તો અમે ગુજરાતીઓ વિશ્વનાં તમામ દેશના નાનામાં નાના ગામ સુધી પહોંચી ગયા છીએ અને અક્કલ અને હોશિયારીથી સામ્રાજ્ય ઊભાં કરીને લક્ષ્મીજીની કૃપા મેળવવામાં સફળ થયા છીએ. એટલે

http://suratiundhiyu.wordpress.com/

ચિત્રગુપ્તે તરત જ કહ્યું કે તેં પાપથી ડરીને પુણ્ય કર્યા છે અને પુણ્ય પામવા માટે પાપ કર્યા છે.

આમ પાપ અને પુણ્ય બંને કર્યા છે, માટે થોડાં વરસ સ્વર્ગમાં રહેવા દઇશ અને થોડા વરસ નર્કમાં પણ રહેવું પડશે. પૃથ્વી ઉપર દરરોજ બપોરે થાળી ભરીને દાળ-ભાત ખાધાં પછી બે કલાક સુધીની દીર્ઘ વામકુક્ષી કરનાર માટલા જેવી ફાંદના માલિકે સીધો સવાલ કર્યો કે હું મારા સ્વર્ગનો લાભ રાજીખુશીથી જતો કરવા તૈયાર છું. તમે નર્કની સજા માફ કરતાં હો તો.

ગુજરાતીની શરતી વાણી સાંભળીને ચિત્રગુપ્તને પરસેવો છૂટી ગયો કારણ આવો અઘરો જીવ આ અગાઉ કોઇ આવ્યો નહોતો. ચિત્રગુપ્તે પૂછ્યું કે તને સ્વર્ગ પણ ન આપું અને નર્ક પણ ન આપું તો હું શું આપું? ત્યારે ગુજરાતી બોલ્યો કે સ્વર્ગ અને નર્કનો રસ્તો જ્યાં મળે છે તે ચોકમાં દુકાન થાય તેટલી જગ્યા આપો !!!

## પુરુષ માટે બે સારા શબ્દો:

### પુરુષ શું છે?

પુરુષ એ ભગવાનની એક એવી સુંદર ભેટ છે કે જે જિંદગીના હરકદમ પર ભોગ આપતો રહ્યો છે
જે પોતાની બહેનો માટે બાળપણમાં ચોકલેટનો ભોગ આપે છે
જે માબાપના ચહેરા ઉપર સ્મિત જોવા પોતાના સ્વપ્નોનો ભોગ આપે છે
જે પોતાના પોકેટમનીનો પોતાની પ્રેમિકા માટે ભેટ ખરીદવા અને તેના મોઢા ઉપર સ્મિત જોવા માટે ભોગ આપે છે
જે પોતાના બૈરી-છોકરાઓ માટે કોઈ પણ જાતની ફરિયાદ વગર રાત-દિવસ કામ કરીને યુવાનીનો ભોગ આપે છે
જે પોતાના બાળકોના ભવિષ્ય માટે બેંકમાંથી લોન લે છે, જિંદગીભર એ ભરવામાં પોતાની બચતનો ભોગ આપે છે
જે આટલી બધી તકલીફો વેઠવા છતાં મા,પત્ની અને બોસના કટુ વેણ હસતા મોઢે સાંભળતો રહે છે
જે આટલું બધું કરવા છતાં તેની પત્ની,માતા અને બોસનો ધાક સહન કરતો રહે છે

http://suratiundhiyu.wordpress.com/

જે બધાને ખુશ રાખવા માટે પોતાની જિંદગીનો ભોગ આપે છે
છતાં કોઈને એની કિંમત નથી હોતી. પડશે
જો કંઈ સારું થાય તો માતા,પત્ની અને બીજા બધા એનો જશ લેવા તૂટી
જો કંઈ ખરાબ થાય તો બધો અપજશ પુરુષના માથે નાખી દેવામાં જરાપણ વાર નથી કરતાં
માટે તમારા જીવનમાં આવતા દરેક પુરુષને માન આપો
તમને ખ્યાલ નથી કે એ કુટુંબ અને બધા માટે કેટલો ભોગ આપે છે!
દરેક પુરુષના મોઢા ઉપર સ્મિત લાવવા માટે આ તેમને મોકલો
અને
દરેક સ્ત્રીને પુરુષના ભોગની કિંમત આંકવા માટે મોકલો – વિપુલ એમ દેસાઈ

## પત્ની પિયર ગયાનો આનંદ!

દરેક બાબત ના બે પાસા હોય છે. સારુ અને નરસુ. પત્ની પિયર જાય તે સુખ કહેવાય કે દુખ આ ચર્ચાનો વિષય રહેલો છે. પત્ની જવાથી માથા પરથી કોઇ ચોકીદાર હટી ગયો હોય અને મુક્તી મળી હોય તેવુ લાગે છે. પરન્તુ પત્ની જવાથી ઘર ની દશા બહુ ખરાબ થઇ જાય છે. ચા પીવા થી માંડી જમવા અને ઘર ની સફાઇ થી માંડી કપડા ની સફાઇ ના ઉકેલાય નહી તેવા પ્રશ્નો ઉભા થાય છે. એકા બે દિવસ પછી તો પત્નીને અર્જન્ટ બોલાવા નો વખત આવી જાય છે.

આવા સમય ની વાત નીચે વાંચો અને આનંદ કરો. પિયરગત પત્નીને પત્ર અભિયાન

પ્રિય ,

તું પિયર ગઈ એ વાતને આજે આઠ દિવસ ચૌદ કલાક અને અઢાર મિનીટ થઇ. તો પણ કેમ હજુ મને એવું લાગે છે કે તું જાણે કાલે જ ગઈ હોય ? સાચે જ હું માની શકતો નથી કે, તું નથી, ક્યાંય નથી આસપાસ. ને છતાંય કેમ આટલો ફફડેલો રહું છું ? તને ખબર છે, તું ગઈ એનાં બીજા દિવસે જ ઓફિસમાં બધાં પાર્ટી માંગતા હતાં પણ મેં તો ચોખ્ખું કહી દીધું આઈ લવ સુજાતા, અને એ તો ખાલી ચાર વીક માટે ગઈ છે, એટલામાં થોડી પાર્ટી હોય ? તું જ કહે. પણ મારા ઓફિસ બડીઝ એમ છોડે ? કહે રાહુલની વાઈફ એક વીક માટે ગઈ હતી તો પણ એણે મોટ્ટી પાર્ટી આપી હતી તો તમારા વાઈફ તો મહિના માટે ગયા છે. મેં બહુ કોશિશ કરી પણ બધાં એ મને પીઝા પાર્ટીના ખર્ચામાં તો ઉતાર્યો જ.

http://suratiundhiyu.wordpress.com/

તને શું કહું ઓ મારી માઝમ રાતની સ્ટારલી. રાત રાત ભર મને તારી યાદ સતાવે છે. તારી યાદમાં હું એવો ખોવાઈ જાઉં છું કે કદીક ભીંત પર આમથી તેમ ફરતી ગરોળીને અનિમેષ નયને જોયા કરું છું.

બારીની બહાર પાન લીલું જોઉં તો પેલા પત્તાની ભાત વાળા ગ્રીન ડ્રેસ માટે થયેલો ઝગડો યાદ આવે છે, અને એ પછી હું અજાણે જ ગાલ પંપાળી લઉં છું. ક્યાંક ડાળ પર કાબર બોલે તો તું યાદ આવે છે, એટલે એનાં કર્કશ અવાજનાં કારણે નહિ, પણ તને પક્ષીઓ બહુ ગમે છે ને એટલે.

ને સવારે જ્યારે પાણી ભરવા માટલી મુકું અને માટલી છલકાઈ જાય તો પણ તું જ યાદ આવે છે, કેમ પાણીના બગાડ પર તે મને કેટલા લેક્ચર આપ્યા છે નહિ? અને સવારે જ્યારે દાઢી કરતાં લોહી નીકળે તો, એક વાર તું ભાખરી શેકતી હતી ત્યારે મને તવેથો વાગ્યો અને દાઢી પરથી લોહી નીકળ્યું'તુ એ પ્રસંગ યાદ આવે છે. સાચું કહું ડિયર, તારા ગયા પછી બે રાત સુધી તો મને ઊંઘ જ નહોતી આવી, પણ પછી યાદ આવ્યું એટલે બામની શીશી પથારીની બાજુમાં ખુલ્લી મુકીને સુઈ ગયો, તે પછી છેક ઊંઘ આવી !

પણ જ્યારથી તું ગઈ છે, ત્યારથી જાણે મારી તો દુનિયા જ ખોવાઈ ગઈ હોય એવું લાગે છે. અને ઘરની ચીજવસ્તુઓ પણ મને કંપની આપવા ખોવાઈ જાય છે. જોને તું ગઈ તે દિવસથી રીમોટ નથી મળતો. આ સિવાય કબાટની ચાવીઓ, ગેસનું લાઈટર, ઈલેક્ટ્રીસિટી બિલ, મારો નાઈટ ડ્રેસ, મોજા અને તારા પપ્પાએ આપેલી એકમાત્ર ભેટ એવી પેન પણ ખોવાઈ ગઈ છે. લાઈટર ના મળ્યું એટલે દીવાસળીની પેટી શોધી તો એ પણ ખોવાઈ ગઈ. પહેલા તો ગેસ સળગાવવાની તકલીફ હતી, એમાં હવે કાન સાફ કરવાની તકલીફનો ઉમેરો થયો છે. પણ તને તો ખબર છે ને કે મારી ઓફિસનો સ્ટાફ કેટલો કોઓપરેટીવ છે ? અરે, એટલો કોઓપરેટીવ કે એ લોકોની આખી કોઓપરેટીવ સોસાયટી ઉભી થઇ શકે એમ છે ! એમાં આ જડતું નથી વાળી વાત મેં ઓફિસમાં કરી તો અમારી રીસેપ્શનીસ્ટ રૂપાલી તો તરત જ શોધવામાં મદદ કરવા ઘરે આવવા મેક અપ કરીને તૈયાર થઇ ગઈ, પણ તું ચિંતા ન કરીશ મેં એને જાતે જ ના પાડી દીધી, એ તારી જાણ અને રેકોર્ડ સારું.

http://suratiundhiyu.wordpress.com/

એક વાત કહું ? તું ગઈ ત્યારથી હું ઘણું જ મનોમંથન કરવા લાગ્યો છું. નવરો પડી ગયો ને એટલે! મને એવો વિચાર આવે છે કે આ પત્નીઓ પિયર શું કામ જતી હશે ? મતલબ ડીલીવરી, ભાભીનો ખોળો ભરવા, એમ.એ. કે એલ.એલ.બી.ની પરિક્ષા આપવા, પપ્પાએ નવું ઘર લીધું છે, અને એવાં બધાં કારણો તો ઠીક છે, પણ શું આ સિવાય કોઈ બીજો વિકલ્પ ન હોઈ શકે ? મતલબ આ બધાં તો એક મહિનાથી છ મહિના વાળા વિકલ્પો છે, આનાથી લાંબી રજા ના હોઈ શકે ? એક વરસ, બે વરસ, એવું બધું. આ તો ખાલી વિચારો કરું છું, બકાવવાના. મને તો તારાથી દૂર થવું બિલકુલ ગમતું નથી. મને વિચાર આવે છે કે ભગવાન રામ વનવાસ ગયા, તો સીતાજી સાથે થયા, પણ લક્ષ્મણની સાથે ઉર્મિલાજી ન ગયા. આમાં ઘણાં ઉર્મિલાજીનો ત્યાગ જુએ છે તો ઘણાં લક્ષ્મણની ઈર્ષ્યા કરે છે, ચૌદ વરસ. માય ગોડ, ચૌદ વરસ તો બહુ કહેવાય. પણ આ મહિના અને ચૌદ વરસ વચ્ચેની કોઈક ફિગર ચાલે, નહિ ?

ડિયર તને વિશ્વાસ નહિ થાય પણ તારા ગયા પછી તેં આપેલા ટાઈમટેબલ પ્રમાણે અક્ષરસઃ જીવું છું. સવારે સાડા છ વાગ્યે એલાર્મ વાગે એટલે ઉઠી જાઉં છું, જોકે પછી દસ મિનીટ પછી ફરી પાછો સુઈ જાઉં છું. કેમ ? તેં તો ખાલી સાડા છ એ ઉઠી જવાનું કહેલું ને ? તારી એ પછીની સૂચના પ્રમાણે પાછો સાડા સાતે ઉઠી દૂધ ગરમ કરવા લાગુ છું. પણ બ્રશ કરવાના સમય અને દુધ ઉકળવાના સમય વચ્ચેનું નાજુક સંતુલન મોટે ભાગે ખોરવાઈ જવાથી દૂધ પ્લેટફોર્મ પર ઉભરાઈ જાય છે. જાપાનમાં ધરતીકંપ થાય તો સુનામિ ભારતના કિનારા પર ક્યારે ત્રાટકશે તેની ચેતવણી આપણને ગણતરીના સમયમાં મળી જાય છે, પરંતુ આ દુધના ઉભરાવા વિષે ચેતવણી આપતું કોઈ યંત્ર બજારમાં મળતું નથી. અરે, મેં ગુગલ પર સર્ચ કરીને પણ જોયું. આ ઘણી અફસોસની વાત છે. પણ છોડ એ બધું, દૂધ રોજ ઉભરાઈ જાય છે, પણ શાસ્ત્રોમાં કહ્યું છે કે ઢોળાયેલા દૂધ પર અફસોસ કરવો નહિ, એ વાત જીવનમાં ઉતારી હું અન્ય કામમાં પ્રવૃત્ત થાઉં છું. યાર, કેટલા કામ હોય છે ઘરમાં !

આમ તો એ વાતથી મને ઘણી તકલીફ પડે છે, પણ જેમ તેમ ફવડાવી દીધું છે. હા, કામવાળીની વાત કરું છું. એ તો તારી સૂચના મુજબ તારા ગયા પછી આવતી નથી. પણ તને એ જાણીને આનંદ થશે કે તેં નોટમાં લખેલી બધી સુચના પહેલા દિવસે જ ત્રણ વાર વાંચી ગયો 'તો, અને એમાં લખ્યા મુજબ ઘરમાં કચરો ન થાય એ માટે ખારી સીંગ અને પડવાળી

http://suratiundhiyu.wordpress.com/

ખારી બિસ્કીટ બધી ફેંકી દીધી છે. ચાનો કપ છાપા ઉપર જ મુકું છું એટલે ટેબલ પર કુંડાળા ન પડે, અને હા, ચા ના કુચા તારી સૂચના મુજબ પ્લાસ્ટીકની કોથળીમાં ભેગા કરું છું એટલે સિંક ભરાઈ ના જાય. મારા માટે કેટલું બધું વિચારે છે તું નહિ ? અને ડિયર, તને ઓફિસનું કામ ઘરે લાવું એની નફરત હતી ને ? એ કારણથી જ આજકાલ ઓફિસનું કામ ઘેર નથી લાવતો, અને ઓફિસમાં જ થોડું વધારે રોકાઈને પૂરું કરવા પ્રયત્ન કરું છું, આમેય ઓફિસમાં બધાને આજકાલ રોકાવું પડે એટલું કામ હોય છે. અને હા તને કાયમ સવાલ થતો ને કે સાંજે કારમાંથી ઉતર્યા પછી ઘરમાં આવતા મને વાર કેમ થાય છે ? હવે નથી થતી, કારણ કે મારે મોબાઈલનું રીસન્ટ કોલ લીસ્ટ ને એસ.એમ.એસ. ડીલીટ કરવા નથી પડતાં.

ડિયર તે કપડા જાતે ધોવાની કેમ ના પાડી હતી તે મને ગઈકાલે ઓફિસથી પાછો આવ્યો પછી સમજાયું. વોશિંગ મશીનમાં કપડા ધોવામાં કઈ ધાડ મારવાની નથી, એવું હું અત્યાર સુધી દ્રઢપણે માનતો હતો. સવારે બધાં કપડા  વોશિંગ મશીનમાં નાખી મેં મશીન ચાલુ કર્યું. ત્યાં એટલામાં પેલા રાહુલનો ફોન આવ્યો, પછી બોસનો આવ્યો, એટલામાં કચરો લેવાવાળો વાળો આવ્યો, એટલામાં લેન્ડ લાઈન પર નીમુ માસીનો ફોન આવ્યો, પછી તો એટલો કંટાળો આવ્યો કે ન પૂછો વાત. બસ એમ જ ઓફિસ નીકળી ગયો, સાંજે પાછો આવ્યો ત્યારે ઘરમાંથી કઈક ઘરરરર ઘરરરર અવાજ આવતો હતો, એ વોશિંગ મશીનનો જ હતો. યેસ, યુ ગેસ્ડ રાઈટ. કપડા ગોળ ગોળ ફરીને ગૂંચળું થઇ ગયા હતાં અને અમદાવાદની બેતાલીસ ડીગ્રી ગરમીમાં પાણી તો ક્યાં સુધી રહે? બે દિવસથી રોજ બે કલાક મથું છું ત્યારે શર્ટ અને પેન્ટ છુટા પડ્યા છે. આમેય એ ખાખી પેન્ટ તને નહોતું ગમતું, ને ચોક્કા વાળું શર્ટ મને.

તારા ગયા પછી બેત્રણ દિવસ તો નાસ્તો જાતે બનાવ્યો. હા બનાવ્યો જ. ખાધો નહિ. તને ખબર છે ને શહેરમાં પાણી બચાવવા અંગે સરકાર અને એનજીઓ કેટલી મહેનત કરે છે ? આ પાણી બચાવોની જાહેરખબરો વાંચીને સીધો જ હું કિચનમાં ગયો હોઈશ, ને બે મિનીટ વાળા નુડલ બનાવ્યા તો નુડલનાં પ્રમાણમાં પાણી ઓછું પડ્યું. પછી તો એ દિવસે લુગદીમાંથી ચમચો જ માંડ બહાર નીકળ્યો. પછી બીજા દિવસે પાણી વધારે નાખ્યું, તો નુડલ સૂપ હોય એવું કઈક બન્યું. પછી ઓફિસ જતાં બાજુ વાળા કેતકી ભાભીને પૂછી લીધું, તો એ કહે કે એના કરતાં તમે રોજ અમારા ઘેર નાસ્તો કરવા આવો. આમેય આજે ઈડલી સંભાર છે. પણ એમ હું કંઈ જાઉં ? તેં એની મનાઈ તો પહેલા જ કરેલી છે ને. જોયું મને બધ્ધું કેવું યાદ છે ? અને

http://suratiundhiyu.wordpress.com/

એ પછી ત્રીજા દિવસે નોન-સ્ટીક પર બ્રેડ શેકવા મુક્યા. પણ પછી ટીવી પર કઈક જોવામાં એવો મશગુલ થઇ ગયો કે બળવાની વાસ આવી ત્યારે છેક મારું ધ્યાન પેલા સમર વિઅરની મોડલો પરથી હટ્યું. પણ ત્યાં સુધી તો ઘણું મોડું થઇ ગયું હતું. ઓફિસ જવાનું.

સખી, આ તો ફક્ત ચાર દિવસનો અહેવાલ છે, મહિનો કઈ રીતે કપાશે એ વિચારી હું ખુબ વ્યથિત થઇ જાઉં છું. એટલે હું અહિ જલસા કરું છું એવા ખોટા ભ્રમમાં તું રહીશ નહિ, અને ખાસ તો એવું વિચારી ઉતાવળે પાછી ના આવી જતી. ખરેખર તો આ પોપટ અડધો પડધો ભૂખ્યો રહે છે. સવારે પાણી જતું રહે છે એટલે ફ્રીજમાં બધી બોટલ ખાલી હોય છે, એટલે પોપટ અમુક વખત તરસ્યો પણ રહે છે. વધુમાં પોપટ ઘરથી ઓફિસ સુધી જ ઉડે છે એટલું જ, પણ ઓફિસ અને ઘરકામમાં કોઈ આંબા લીમડાની ડાળે બેસવાનો ચાન્સ જ નથી મળતો. આ તો બધું તારી જાણ સારું. તો મારા આ પ્રેમપત્રને રૂબરૂ મળ્યા તુલ્ય સમજજે અને પપ્પાને ત્યાં ઠરીને રહેજે.
એજ તારો વ્હાલો પોપટ

## ગુજ્જુ ટુરિસ્ટો

**બેગો? ખાલી? શેના માટે લેવાની છે?' 'લ્યો, ત્યાં શોપિંગ નથી કરવાનું?'**

### થેપલાં, ખાખરા, ભાખરવડી, ભૂસું:

આપણે યુરોપની ટુરે જઈએ ત્યારે પણ, સાથે થેપલાં, ખાખરા, ભાખરવડી, ઝીણી સેવ, લીલો ચેવડો, દાળમૂઠ, ચણાની દાળ, સીંગ ભૂજિયાં, તળેલા કાજુ... આવું બધું સાથે લઇને જ જવું પડે.
કારણ શું? 'બેઠક'માં મન્ચીંગ તો જોઇએ ને! અને એ બધું, માની લઇએ કે લંડનના લેસ્ટરમાં મળી જાય. પણ નાયગ્રા ફોલ્સની બાજુમાં તો જૂના શેરબજારવાળાની ચવાણાની દુકાન ના જ હોય ને?

### બેઠક:

સુ પછી, આજે બેસવું છે ને?

http://suratiundhiyu.wordpress.com/

આ સંવાદ તમને દરેક ગુજરાતી ટુરિસ્ટોની પેકેજ ટુરમાં લગભગ દર બીજે દિવસે સાંભળવા મળે

હા યાર, આજે તો બેઠક કરી જ લઇએ! નિર્દોષ અને અજ્ઞાની સજ્જનોને માલમ થાય કે ગુજરાતના ટુરિસ્ટો જયારે ફરવા નીકળે છે ત્યારે એમનાં સ્વર્ગસ્થ સ્વજનોનાં બેસણામાં બેસવાની વાતો નથી કરતા. આ તો દારૂ પીવાની બેઠકની વાત થાય છે!

ગમે એટલા રમણીય સ્થળે કેમ ના ગયા હોઇએ, રાતના બે અઢી વાગ્યા સુધી બેઠક કરીને પીવાનું, અને બીજા દિવસે બપોરે બાર વાગ્યા સુધી હોટલના રૂમમાં જ ઊંઘ્યા કરવાનું!

અમદાવાદથી માઉન્ટ આબુ જનારા ગુજરાતી સહેલાણીઓ પહોંચતાંની સાથે જ બેઠક વ્યવસ્થામાં પડી જાય છે: એ કલ્પા, (એટલે કલ્પેશ) તુ ને અલ્પો (એટલે અલ્પેશ) કોઇ સારી હોટલ શોધવાનું કરો, તાં લગીમાં હું ને જલ્પો (એટલે જલ્પેશ) પરમિટનું પતાઇને આઇએ છીએ!

## ચેનલો:

સિંગાપોરમાં જઇએ કે સ્વિડનમાં, અને ગમે એવી મોટી ફાઇવ-સ્ટાર હોટલ કેમ ના હોય, ત્યાંના સ્વિમિંગ પૂલો નહિ જોવાના, જીમ્નેશિયમો નહિ જોવાના, પણ રૂમમાં ઘૂસીને સૌથી પહેલાં ટીવીની તમામ ચેનલો ફેરવીને ચેક કરી લેવાની! પછી તરત જ ફરિયાદ કરવાની સ્ટાર ઉત્સવ નોટ કમિંગ? માય ગ્રાન્ડ મધર વોચિંગ ઓલ્ડ એપિસોડ્સ ઓફ ઘર ઘર કી કહાની, નો! એન્ડ સહારા-વન ઓલ્સો નોટ કમિંગ? ધેન હાઉ વી વોચ ઇન્ડિયા ઇંગ્લેન્ડ વન-ડે, હેં?

## સિન-સિનેરી પોઇન્ટ:

દરેક ગુજરાતી ટુરિસ્ટ લકઝરી કોચમાંથી ઊતરતાંની સાથે પહેલો સવાલ આ જ પૂછે છે: 'અહીં જોવાલાયક શું છે?' કોચમાં એસી હોય અને બહારની ગરમી અંદર ના આવી જાય એટલા માટે તેના કાળા કાચ હંમેશાં બંધ જ રાખવાના! સો કિલોમીટરના રળિયામણા રસ્તાની મુસાફરી દરમિયાન ડોકિયું કરીને એકવાર પણ બહાર જોવાનું નહિ, પણ ઊતરતાંની સાથે જ પૂછવાનું 'અહીં જોવાલાયક સિન-સિનેરી કેટલી છે?' વળી ગુજરાતીઓ કશું સૌંદર્ય માણવામાં માનતા જ નથી. બધું 'પતાવી' નાખવામાં જ માને છે! 'આજે તો સાતે સાત ટુરિસ્ટ પોઇન્ટ પતાઇ દીધા!'

## રસોઇયો (મહારાજ):

ગુજરાતની બહાર જતા ગુજ્જુ ટુરિસ્ટો માટે આ એક અનિવાર્ય એસેસરી છે: રસોઇયો! આપણે

http://suratiundhiyu.wordpress.com/

ઇટાલી જઇ આવીએ, સોનિયાજીના પિયરના ગામના બે ફોટા પણ ખરીદતા આવીએ પણ ત્યાંનો ઓરિજનલ પિત્ઝા નહીં ખાવાનો! તમે જો પિત્ઝાનું પૂછો તો સામું પૂછશે 'કેમ, પિઝાનો ઢળતો મિનારો તો કાલે જ ના પતાવ્યો?' આ રસોઇયાઓ માટે ભલભલી ફાઇવ સ્ટાર ઇન્ટરનેશનલ હોટલોનાં રસોડાઓ પણ બુક કરાવવાં પડે છે. મહારાજો જતાંની સાથે જ કીચનને ખૂણે ખૂણેથી ધોઇને સ્વચ્છ કરે છે, પછી એમાં ય બે ભાગ પાડે છે: એક તરફ જૈન અને બીજી તરફ કાંદા-લસણ!

## શોપિંગ!:

પેલી બાર મોટી મોટી બેગોમાં જે ચાર ફોલ્ડિંગ પ્લાસ્ટિક બેગો પેક કરેલી તે યાદ છે ને! હવે એ બેગો ભરવા માટે જ 'સોપિંગ' કરવાનું છે! ગુજરાતીઓ સાઇટ-સીઇંગમાં જેટલો ટાઇમ પસાર નથી કરતા એનાથી બમણો સમય શોપિંગમાં વાપરે છે. અચ્છા, બમણો સમય કેમ થાય છે? કારણ કે દરેક ખરીદી વખતે કેલ્કયુલેટરમાં ગુણાકાર કરીને વસ્તુની પ્રાઇસ રૂપિયામાં કાઢવાની, એમાંથી ડિસ્કાઉન્ટ બાદ કરવાનું, કસ્ટમ ડયુટી ઉમેરવાની, ફ્રેઇટ ચાર્જિસ ગણવાના અને જો મોટી ખરીદી કરીએ તો સ્પેશિયલ બારગેઇનમાં તમે શું આપશો એની રકઝક કરવામાં ટાઇમ જાય કે નહિ?

## ફોટા:

જલ્પા આન્ટી સ્વિમિંગ પૂલમાં નહાતાં સારાં લાગે? જરાય નહિ! ગોરધનકાકા વોટર-સ્કૂટર ચલાવતાં ગભરાતા હોય એવો ફોટો સારો લાગે? જરાય નહિ! અને ચુન્ના-મુન્ના બરફમાં સ્કેટિંગ કરતાં ગબડી પડયા હોય એવા ફોટા પડાય? કદી નહિ! ફોટામાં તો આપણે કોઇના રિસેપ્શનમાં ગયા હોઇએ ત્યારે જે રીતે લાઇનસર ઊભા રહીને બન્નો હાથ, પોતપોતાના થાપા પર ગુંદર વડે ચોંટાડી રાખ્યા હોય, એ રીતે જ ફોટા પડાવવાના! પછી સગાંવહાલાંને આલ્બમ બતાડતાં કહેવાનું 'જુઓ, આમાં પાછળ ઓલું બિલ્ડિંગ દેખાય છે ને, ત્યાં ઓલાં મીણનાં પૂતળાંનું મોટું મ્યુઝિયમ છે ને, ત્યાં તમારા ભાઇ ભૂલા પડી ગયા, તા. બોલો!'

http://suratiundhiyu.wordpress.com/

"હું વસ્તુ સૌથી મોંઘેરી ને જાજરમાન વહેંચું છું, ઓલ્યા ઇમાન વેચે છે ને હું મુસ્કાન વહેંચું છું."

મને સતત એવું લાગ્યા કરે કે, અમારું કાઠિયાવાડ એ માત્ર કાઠિયાવાડ નથી, એનું બીજું નામ 'ગાંઠિયાવાડ' પણ હોવું જોઈએ. ચણાના લોટને અમે લોકો સિમેન્ટ અને સોના કરતાં પણ વધુ મૂલ્યવાન ગણીએ છીએ. વણેલા અને ફાફડા ગાંઠિયાનો જે મહિમા સૌરાષ્ટ્રની પ્રજાને છે એ કદાચ વિશ્વની કોઈ પ્રજાને નહીં હોય. અમારે કલાકારોને મન તો ચા અમારી કુળદેવી અને ગાંઠિયા અમારા શૂરાપૂરા.

સાંજ પડયે દોઢ કરોડના ચા-ગાંઠિયા ફાકી જતા અમે બધાય કોઈ પણ ડખાનું સમાધાન ચા-ગાંઠિયાથી કરીએ છીએ ને વળી કોઈ ચા-ગાંઠિયાનો વિવેક ન કરે તો ડખો પણ કરીએ છીએ. ડાયરામાં હું કાયમ કહું કે,
"ભડકે ઇ ભેંસ નહીં, બેહે ઇ ઘોડો નહીં, ગાંગરે નહીં ઇ ગાય નહીં, જાગે નહીં ઇ કૂતરો નહીં, હસે નહીં ઇ માણા નહીં, ને ગાંઠિયા ન ખાય ઇ ગુજરાતી નહીં."

મારા ગોંડલ ગામમાં ચંદુ નામે એક ભુક્કા કાઢી નાખે એવો ગાંઠિયાવાળો વસે છે. રોજ રાત્રે અમારા જેવા કેટલાય નિશાચરો અને ભ્રમણ નક્ષત્રમાં જન્મેલા અતૃપ્ત જીવોની ભૂખને ચંદુના ગાંઠિયાથી મોક્ષ મળે છે. ઐશ્વર્યાના પોસ્ટર પાસેથી નીકળો અને જેમ એને ટીકી ટીકીને જોવી જ પડે એવી જ મોહકતા ચંદુના ગાંઠિયામાં છે. એની રેંકડી પાસેથી નીકળો એટલે ગાંઠિયા ખાવા જ પડે. આ મારી ચેલેન્જ છે અને અનુભવ પણ.

અમારા ઘણાં બધા ઉપવાસ અને એકટાણાં ચંદુની રેંકડી ઉપર શહીદ થયાના દાખલા છે. વળી ચંદુના ગાંઠિયારથનું નામ ખૂબ મોડર્ન છે, 'રિલાયન્સ ગાંઠિયા સેન્ટર.' અને આ ટાઈટલ નીચે ઘાસલેટના ડબ્બા જેવડા અક્ષરે લખ્યું છે કે, "અમારી બીજી કોઈ શાખા નથી."

એક રાતે દોઢેક વાગ્યે હું ઝરમર વરસાદમાં મનમાં દોઢસો ગાંઠિયાનો સંકલ્પ કરી ચંદુના રથ ઉપર પહોંચ્યો. ગાંઠિયા બાંધી દીધા પછી ચંદુએ એક અઘરો સવાલ મને પૂછી નાખ્યો કે, "સાહેબ, અટાણે તમને કોણે મોકલ્યા?" હું ગળગળો થઈ ગયો. મેં કહ્યું, "ચંદુ, મારી બા તો મને રાતે દસ વાગ્યા પછી બહાર નીકળવાની ના પાડે છે. તું વિચાર અટાણે મને કોણે ધક્કો માર્યો હશે? ઘરવાળી સિવાય કોઈની હિંમત છે કે મારી ઉપર આવી સરમુખત્યારશાહી ભોગવે?" મેં આટલો ઉત્તર વાળ્યો ત્યાં તો ચંદુની ઘોલર મરચાં જેવી આંખમાં આંસુડાં તગતગવાં માંડયાં. ગાંઠિયાનો જારો પડતો મૂકીને ઇ મને બાથ ભરી ગ્યો કે, સાહેબ, તમે તો મારી દુખતી રગ ઉપર પગ મૂકી દીધો. હું રોજ રાત્રે દસ વાગ્યે રેંકડી લઈને આવું છું ને સવારે પાંચ વાગ્યા સુધી આખા ગોંડલ હાટું ગાંઠિયા વણું છું. મનેય

http://suratiundhiyu.wordpress.com/

શું મારી બા મોકલતી હશે? પછી તો અમે બેય સમદુખિયા એટલું રડયા કે અમારા ગાંઠિયા પલળી ગયા.

ગાંઠિયાનો મહિમા અપરંપરા છે. મારા તો એપેન્ડિક્ષના ઓપરેશન વખતે આંતરડાંમાંથી ડોક્ટરે અડધો કિલો ચણાનો લોટ કાઢયાનુ દાખલા છે. મારી દૃષ્ટિએ કોમવાદી બનવું એના કરતાં ગાંઠિયાવાદી કે હાસ્યવાદી બનવું સારૂં.

નેસ્ટ્રોડેમસની જેમ મારી આગાહી છે કે, ગુજરાતમાં ગાંઠિયા જ્યાં સુધી તળાતાં રહેશે ત્યાં સુધી ખવાતાં રહેશે. મારી તો કલ્પના છે કે, ઇ.સ. ૨૦૨૦માં ભારત સરકાર બસ્સો કરોડની ગાંઠિયાની યોજના વહેતી મૂકે તો નવાઈ નહીં. વિશ્વના તમામ દેશોમાં ગુજરાતના ગાંઠિયા એક્સપોર્ટ કરવા માટે કેબિનેટમાં ચટણીમંત્રી, મરચાંમંત્રી અને ગાંઠિયા વિકાસમંત્રીની નિમણૂક થશે. દરેક કંદોઈને લાલ ગોળાવાળી ગાડી અને લોટ બાંધતી વખતે ઝેડપ્લસ સુરક્ષા અર્પણ કરાશે. યાદ રાખજો ગાંઠિયાનો વિકાસ એ જ ભારતનો વિકાસ હશે. ગાંઠિયાવાદી પાર્ટીની જય હો.

આપણને મોબાઈલના ટાવર પર ભરોસો છે, પણ પરમાત્માના પાવર પર ભરોસો નથી.

હું આપું ગામડાં બે-ચાર, દિલને મોજ આવે છે,
કે ચંદ્ર તું વણેલા ગાંઠિયા એવા બનાવે છે.

છે દુર્લભ દેવતાઓને તીખા મરચાં, તીખી ચટણી,
ને કોઈ પુણ્યશાળી આત્મા ભજિયાંને પામે છે.

હું ફાઈવસ્ટાર હોટેલમાં જમું છું તે છતાં આજે,
એ ફાફડિયા સમી લિજ્જત ન અમને ક્યાંય આવે છે.

ચણાનો લોટ, સોનાની કડાઈ સ્વર્ગમાં છે પણ
ગરમ આ ફાફડા ઉતારતાં ત્યાં કોને ફાવે છે?

એ તારા સ્થૂળ દેહેથી વહી પ્રસ્વેદની ગંગા,
જડયું કારણ અમોને આ જલેબી તેથી ભાવે છે. – લેખક:અજ્ઞાત

## પુરુષો અને જાત જાતના દડા(બોલ)

http://suratiundhiyu.wordpress.com/

દુનિયાના પુરુષો દડા વડે જાત જાતની રમતો રમતા હોય છે પરંતુ આખરે તો દરેક રમતમાં દડાની હાલત સરખી જ થતી હોય છે. જેમ કે...

ફૂટબોલના દડાની હાલત હંમેશા 'સુંદર છોકરી' જેવી હોય છે:
જ્યારે જુઓ ત્યારે ૮- ૧૦ છોકરાઓ એની પાછળ પડેલા હોય છે!

વૉલીબોલના દડાની હાલત 'કદરૂપી છોકરી' જેવી હોય છે:
દરેક માણસ એને બે હાથ જોડીને દૂર ભગાડવાની કોશિષમાં હોય છે!

જ્યારે રગ્બીના દડાની હાલત 'બિન્દાસ્ત સ્વભાવની ગર્લફ્રેન્ડ' જેવી હોયછે:
દરેકે દરેક છોકરો એને બીજા છોકરા પાસેથી છિનવી લેવાના ચક્કરમાં હોયછે!

એમ તો ગોલ્ફના દડાનો ઠાઠ મોટા બિઝનેસમેનની 'પર્સનલ સેક્રેટરી' જેવો હોયછે:
કારણ કે પૈસાદાર લોકો એની પાછળ અઢળક સમય અને નાણાં વેડફી નાંખતા હોયછે!

હોકીના દડાની હાલત પરીક્ષામાં બેઠેલી 'ઠોઠ છોકરી' જેવી હોય છે! કઈ રીતે?
અરે, બધા એને 'પાસ' કરવા માટે ડંડા લઈને પાછળ પડી ગયા હોય છે!

ક્રિકેટના દડાની સ્થિતિ 'પરણી ગયેલી સુંદર સ્ત્રી' જેવી હોય છે:
એકના હાથમાં આવી જાય પછી બીજા બધા તાળીઓ પાડે છે !

અને ટેનિસના દડાની
હાલત 'ખખડી ગયેલી' સ્ત્રી જેવી હોય છે:
એક કહે છે 'તું રાખ...'બીજો કહે છે 'તું રાખ' - લેખક: અજ્ઞાત

## પરણેલાઓના દીલની વાત

http://suratiundhiyu.wordpress.com/

-લગ્ન એક એડવેન્ચર સમાન છે. એવું લાગે કે જાણે તમે કોઇ યુદ્ધમાં જઇ રહ્યાં છો.

- લગ્ન રાત્રે આવતા ફોન કોલ સમાન છે. રીંગ વાગેને તમારી ઉંઘ ઉડી જાય.

- પ્રેમ આંધળો છે જ્યારે લગ્ન આંખો ઉઘાડે છે.

- જે માણસના લગ્નને બે વર્ષ થઇ ગયાં હોય તે આંતકવાદીથી નથી ડરતો.

- એ માણસ ત્યાં સુધી અધુરો છે જ્યાં સુધી તેના લગ્ન ન થાય. એક વાર લગ્ન થઇ જાય ત્યાર બાદ તે 'પતિ' જાય છે.

- લગ્ન એક એવું યુદ્ધ છે જેમાં તમે તમારા દુશ્મન સાથે ઉંઘો છો.

- લગ્ન એક ત્રણ રીંગનું સરકસ છે. એન્ગેજમેન્ટ રીંગ, વેડીંગ રીંગ અને સફરીંગ

- લગ્ન એક શ્રેષ્ઠ ઇન્સ્ટીટ્યૂટ છે પરંતુ કોણ આ ઇન્સ્ટીટ્યૂટમાં રહેવા ઇચ્છે છે

- લગ્ન એ કોઇ વર્ડ નથી પણ સેન્ટેન્સ છે(લાઇફ સેન્ટેન્સ)

- લગ્ન એ પ્રેમ છે અને પ્રેમ અંધ છે. તેથી લગ્નએ અંધ લોકો માટેની ઇન્સ્ટીટ્યૂટ છે.

- લગ્ન એક એવી ઇન્સ્ટીટ્યૂટ છે જ્યાં પુરુષ પોતાની બેચલર ડીગ્રી ગુમાવે છે અને મહિલા માસ્ટર્સની ડીગ્રી મેળવે છે.

- પ્રેમ એક લાંબુ મીઠું સ્વપ્ન છે અને લગ્નએ અલાર્મ ક્લોક છે.

- જ્યારે નવપરીણિત પુરુષ ખૂશ હોય તો આપણને ખબર હોય કે શા માટે પણ લગ્નના 10 વર્ષ પછી પણ તે ખુશ હોય ત્યારે શંકા ઉદભવે છે.

- જ્યારે પુરુષ પોતાની પત્ની માટે કારનો દરવાજો ખોલે ત્યારે સમજવું કે કાં તો તેની કાર નવી છે અથવા તો તેના નવા-નવા લગ્ન થયાં છે.

http://suratiundhiyu.wordpress.com/